# અધ્યાત્મ

વર્ષ : ૬ ઓગસ્ટ : ૧૯૮૫ અંક : ૧૧



## * પૂ. માશ્રી જ્યોતિર્મયી વિશ્રામગૃહને ભેટ *

તીર્થધામ અંબાજીમાં બંધાતા વિશ્રામગૃહને છેલ્લે મળેલી સહાયની રકમ નીચે પ્રમાણે છે. સહાય કરનાર સહુને અભિનંદન.

૧૦૦૧ શ્રી જી. ડી. અમીન, અમદાવાદ.
૧૫૦૦ ડૉ. રાજેન્દ્ર ભટ્ટ, બારડોલી.
૫૦૦ શ્રી સીતારામભાઇ રામભાઈ ભક્ત, કપૂરા.
૫૧૦ શ્રી લક્ષ્મીબેન વી. પટેલ, કાણ્વે.
૨૦૧ શ્રી હરિચંદ્ર હરજીવનદાસ જાની, મુંબઈ.
૫૦૧ માતુશ્રી લાડુબેન દેસાઇના સ્મરણાર્થે શ્રી લક્ષ્મીબેન ભીખુભાઇ કપુરા તરફથી.
૧૨૫ શ્રી મધુસૂદન પોપટ, મોરબી.
૧૦૧ શ્રી ચંદુભાઇ જાની, ભાવનગર.
૧૦૧ શ્રી ગિરધરભાઈ શામજીભાઈ ચાવડાના સ્મરણાર્થે તેમનાં ધર્મપત્ની જીવીબેન તરફથી.
૧૦૫ શ્રી નારણજી જગન્નાથ પંડ્યાના સ્મરણાર્થે તેમના પુત્ર ગુણવંતરાય નારણજી તરફથી.
૧૦૧ શ્રી કાન્તાબેન રામભાઈ પટેલ. સેલવાસા
૧૦૧ મે. વિશાલદીપ ટાઈલ્સ કું. ભડિયાદ, મોરબી.
૭૨ શ્રી વી. બી. પટેલ, લીવીંગસ્ટોન.
૫૧ શ્રી નર્મદાબેન વ્રજલાલ મીરાણી.
૫૧ પૂ. રતનમાના સ્મરણાર્થે શ્રી–નટવરલાલ બાબરભાઈ પટેલ, માસમા તરફથી.
૧૦૦૦ શ્રી નવીનભાઈ દવે, રાજકોટ.
૫૦૧ શ્રી જયાબેન ભગવાનદાસ ચંદારાણા.
૧૦૧ શ્રી પ્રભુદાસ ઉત્તમરામ મહાત્મા, સુરત.
૫૧ શ્રી ધીરૂભાઈ સી. દેસાઇ, સુરત.



પ. પૂ. શ્રી યોગેશ્વરજી

## ● વંદના ●

જય જય જય
ગુરુદેવની શક્તિ
વંદુ પુનિત પ્રભાતે.

દિવ્ય શક્તિથી જીવન ચલાવે
શ્રદ્ધા ધૈર્ય સજાવે,
પ્રભુની પાવન પગદંડી પર
પગલા પુનિત પડાવે. ...જય જય

ક્ષણપણ ચિંતા આવી ચઢે તો
મંગલ માર્ગ બતાવે,
પૂર્ણ સમર્પિત થઇ જા એને
ભવજળ એજ તરાવે. ...જય જય

ચિંતા એને ચરણે સોંપી
ચિંતન કરી લે, પ્યારે !
સઘળી બાજી એ સંભાળે
અનુભવ સુણીલે ધ્યાને. ...જય જય

ગુરુદેવના ચરણે જઇને
પ્રીત કરી લે ભાવે,
તો એ તારી જીવન વીણા
ગીત મધુરાં ગાવે. ...જય જય

—શ્રી સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૬ અંક : ૧૧ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ (વિમાનથી)

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| મનઃપૂતં સમાચરેત્ | યોગેશ્વરજી | ૩ |
| દૈવી રખવાળું યોગેશ્વર ભગવંતનું | મા સર્વેશ્વરી | ૫ |
| ગુરુપૂર્ણિમાની ઉજવણી | ગોરધનભાઇ કલોલા | ૮ |
| યુવક કલ્યાણ કેન્દ્ર | પ્રભુભાઇ હળવદીયા | ૧૨ |
| શ્રમયજ્ઞથી સ્વર્ગારોહણતીર્થની પુનર્રચના | અજય કલોલા | ૧૩ |
| પ્રેરણાની પરખ | નિલુ દવે | ૧૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૧૯ |
| પત્રપ્રસાદી | શ્રેયાર્થી | ૨૫ |
| અમારી મીમાંસા | ઈશ્વરભાઇ ભક્ત | ૨૭ |
| એ ધન્ય દિવસ | નારાયણ હ. જાની | ૩૫ |
| ચક્રાસન | મણિભાઇ શાહ | ૪૧ |
| દર્શન ફળે | ઈશ્વરભાઇ ભક્ત | ૪૪ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૪૫ |
| નિષ્ઠા | નારાયણભાઇ જાની | ૫૬ |
| મૂર્તિપૂજા | ભૂપતરાય મો. ઠાકર | ૬૧ |
| પ્રવચનોની કેસેટો | — | ૬૪ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૬ ઓગસ્ટ-૧૯૮૫ અંક : ૧૧

## મનઃપૂતં સમાચરેત્

સામાન્ય રીતે એવું જ દેખાય છે. માનવીને જે કાંઈ કરવાની ઇચ્છા થાય છે, આકાંક્ષા જાગે છે, એને એ કરી નાંખે છે. એનો અમલ તરતજ, બને તો વિપળનાય વિલંબ વિના કરવા માંડે છે. તે કામ સારું છે કે નઠારું, કરવા જેવું છે કે નથી કરવા જેવું, ઉત્તમ છે કે અનુત્તમ, એનો વિચાર ભાગ્યે જ કરે છે. કેટલીકવાર એને લીધે હર્ષાન્વિત બને છે તો કેટલીકવાર શોકગ્રસ્ત. કોઇવાર લાભ મેળવે છે તો કોઈવાર નુકશાન. કોઇવાર ઉન્નતિ પામે છે તો કોઇવાર અવનતિ. કોઈવાર ઉલ્લાસને અનુભવે છે તો કોઈવાર પશ્ચાતાપની પાવક જવાળામાં જલવા લાગે છે.

જીવનમાં જે પણ કર્મોનું અનુષ્ઠાન કરાય તે શાંતિપૂર્વક કરાય એવી આવશ્યકતા છે. જે કાંઇ થાય એ આવેશ અથવા ઉશ્કેરાટમાં ના થાય પરંતુ પૂરતા વિચાર સાથે આવેશ રહિત બનીને થાય એનું ધ્યાન રાખવાનું છે. માનવને મન મળ્યું છે. ચિંતનશક્તિ સાંપડી છે. નિત્યાનિત્યને, શુભાશુભને સારાસારને, શ્રેય—અશ્રેયને સમજવાની નીરક્ષીરબુધ્ધિ મળી છે.

એ એનો સમ્યક્ ઉપયોગ કરે એવી અપેક્ષા રખાય છે. માટે જ કહેવામાં આવ્યું છે કે મનઃપૂતં સમાચરેત્. અર્થાત્, જે પણ આચરણ કરવામાં આવે તે મનથી પવિત્ર કરીને, નિર્મળ અથવા ઉદાત્ત બનાવીને કરવું. જે કરીએ એને આંખ મીંચીને કરવાને બદલે મનની એરણ પર ઘસીને કરવું.

મનઃપૂતં સમાચરેત્ શબ્દોનો બીજો સામાન્ય ભાવાર્થ પણ લઈ શકાય. એ ભાવાર્થ મન લગાડીને કર્મને કરવાનો છે. જે પણ કર્મ કરવામાં આવે તે કર્મ પૂરતા ઉત્સાહથી, બળથી, ભાવથી કરાવું જોઇએ.

એ બંને ભાવાર્થોનો સમન્વય કરીને કહી શકાય કે પ્રત્યેક કર્મ ઉત્સાહ, લગન, ખંત, બળપૂર્વક વિવેકશક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરીને કરવું જોઈએ. એવું કર્માનુષ્ઠાન માનવને માટે મંગલમય બની શકે. સુખશાંતિપ્રદાયક થઇ શકે.

યોગેશ્વરજી

શ્રમ વિના જીવન નથી. તમારે જો શ્રમમાંથી મુક્ત થઇ જવું હશે તો જીવનમાંથી નીકળી જવું પડશે. એ કરવાનો માત્ર એક જ રસ્તો છે—નિર્વાણમાં ચાલ્યા જવું. અને નિર્વાણનો માર્ગ લેવો, નિર્વાણની સાધના કરવી એ તો મોટા-માં મોટો શ્રમ માગી લે છે.

*

શ્રોતાઓને કેમ પકડી રાખવા તે બહુ ઓછા લોકોને આવડે છે—અને તેમને કેમ જવા દેવા તે તો એથીયે ઓછાને.



# દૈવી રખવાળું યોગેશ્વર ભગવંતનું

મા સર્વેશ્વરી

પંદર ઓગસ્ટ એ પૂ. શ્રીનો પૃથ્વી પર પધારવાનો પાવનદિન.

અઢારમાર્ચ એ પૂ. શ્રીનો પાર્થિવ લીલાસંકેલી સૂક્ષ્મ-જગતમાં પધારવાનો પ્રાગટ્યદિન.

એકમાં સ્થુળદેહે લીલા થાય.
બીજામાં સૂક્ષ્મદેહે લીલા થાય.

પંદર ઓગસ્ટ આધ્યાત્મિક જગતના અભ્યુત્થાનની અપૂર્વ-ઘટના હતી.

એ રીતે અઢાર માર્ચ સૂક્ષ્મ દિવ્યજગતની અપૂર્વઘટના હતી તેથી જ તો સત્યપથને આંગણે પંદર દિવસ સુધી અદ્ભુત અકલ્પનીય એવી ચંદનની વર્ષા થતી રહી.

અઢારમાર્ચના એ અવસર પૂર્વે પૂ. શ્રીએ ખૂબજ સ્પષ્ટ સમજ સાથેની સંપૂર્ણ મૌખિક સૂચનાઓ અને જરૂરી લખાણ સાથેની લેખિત સૂચનાઓ આપી જ હતી. અરે ! પંચાંગમાંથી એ મહાપુરુષે ચોક્કસ દિવસની પણ લખીને પસંદગી કરી લીધી હતી.

અને સાચે જ એ ઘટનાનું સર્જન પૂ. શ્રીએ જ્ઞાની, યોગી કે ભક્તને પણ દુર્લભ એવી રીતે કરી લીધું.

એ દિવસોની અસ્વસ્થતા વચ્ચે એક પ્રાર્થના થવા લાગી.

ૐ યોગેશ્વર રક્ષ મામ્
શ્રી યોગેશ્વર પાહિ મામ્

પૂ. શ્રી જેવા દિવ્યશક્તિથી સંપન્ન સમર્થ મહાપુરૂષને દેશ કાળનાં બંધન ન હોય એ તો સ્વાભાવિક છે. એવા મહાપુરૂષો તો સર્વત્ર કલ્યાણકાર્ય કરતા જ રહે છે.

તો શું પૂ. શ્રીએ પણ એ પ્રાર્થના સાંભળી?

હા.

પ્રાર્થના સાંભળી, સાંભળતા જ રહ્યા છે ને હજી પણ સાંભળશે જ.

૧૮ માર્ચ પછીના દિવસોમાં પૂ. શ્રી એ સત્યપથના એ પવિત્રમંદિરે એની પ્રતીતિ કરાવી.

એક ધન્યક્ષણે પૂ શ્રીએ એક દિવ્ય અનુભૂતિ આપી અસ્વસ્થતા વધી ત્યારે સંપૂર્ણ જાગૃતિ અવસ્થામાં પૂ. શ્રીએ પોતાના સુધાસભર સુમધુર સુંદર સ્પષ્ટ દૈવી સ્વરમાં એક-વાર નહીં, ત્રણ ત્રણવાર એ આકાશવાણીનો સ્પષ્ટ અનુભવ આપતા ભાર પૂર્વક કહ્યું: 'હું અહીંજ છું. સાઇબાબા અહીંજ છે.' અને તેજ ક્ષણથી અસ્વસ્થતા અદૃશ્ય થઇ ગઇ અને સ્વસ્થતા આજ સુધી ટકી રહી છે. એ દૈવી અવાજ ખૂબ અદ્દભુત ને સ્પષ્ટ હતો જેનું ગુંજન આજે પણ મારા અંતઃકરણમાં ચાલ્યાજ કરે છે. "હું અહીંજ છું. હું અહીંજ છું. હું અહીંજ છું."

આ થઇ આંતરજગતની રક્ષા.

હવે એ ઘટના પછી મન સ્વસ્થતા ટકાવી શક્યું. મન નાસ્તિકતા તરફ ન ઢળ્યું કે શંકાકુશંકામાં પણ ન ફસાયું. પરન્તુ મનમાં એક વિચિત્ર વિશ્વાસ દિનપ્રતિદિન વધતો રહ્યો કે પૂ. શ્રી ક્યાંયે ગયા નથી, મારી પાસે જ છે, મારી સાથે જ છે, અને મન નિયમિત રીતે પ્રાર્થના ને જપના નિયમ-



માં જોડાઇ ગયું. જ્યાં જ્યાં જે ક્ષણે મન જાય છે ત્યાં ત્યાં પૂ શ્રીનુંજ જયગાન ગાયા કરે છે.

માનસિક જગતની આવી રક્ષા પૂ. શ્રી વિના કોણ કરી શકે?

શરીર અન્નમય કોષ છે. છતાં મારું આ શરીર અન્નનો એક કણપણ લીધા વિના લાંબા વ્રતઉપવાસ કરી રહ્યું છે. શરીરનું આંતરિક તંત્ર પણ અતિ નિયમિત રીતે ચાલ્યા કરે છે. બાહ્યરીતે પણ કોઇ શારીરિક અસ્વસ્થતા નથી. સ્ફૂર્તિ ને શક્તિથી એ વ્રત ઉપવાસ ચાલી રહ્યા છે. એની પાછળ કોઇ વૈજ્ઞાનિક સિદ્ધાંતનો આધાર પણ નથી લીધો. ઘણા કલાકો સુધી એ શરીર પ્રાર્થનામાં પણ બેસી શકે છે.

આ શારીરિક જગતની રક્ષા પણ પૂ.શ્રીની દૈવી શક્તિ-વિના કોણ કરી શકે?

તન, મન, અંતરની રક્ષા સાથે સમગ્ર જીવનની સતત સંભાળ પૂ. શ્રી યોગેશ્વરજી રાખી રહ્યા છે. એની પ્રતીતિ તો ઘણી ઘણીવાર વિવિધ રીતે થયાજ કરે છે.

હવે હે યોગેશ્વર ભગવંત આપના શ્રીચરણોમાં પ્રણામ સાથે પ્રાર્થના છે કે જન્મોજન્મ એ રીતે દિવ્ય અલૌકિક શક્તિથી રક્ષા કરી શ્રીચરણોમાંજ સ્થાન આપો.

# ગુરુ પૂર્ણિમાની ઉજવણી

ગોરધનભાઇ કલોલા

આધ્યાત્મિક સાધકોનું પર્વ એટલે ગુરુપૂર્ણિમા. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં ગુરુભાવ ધારણ કરતા સાધક ભાઇબહેનોને પૂ. માએ જણાવ્યું- "આ ગુરુપૂર્ણિમા અંબાજીમાં ઉજવીએ."

ગુજરાતની અશાંત પરિસ્થિતિને લીધે, આટલે દૂર કેટલા સાધકો આવશે ? એ એક પ્રશ્ન હતો. પરંતુ ગુજરાતના શહેરો ને ગામો ઉપરાંત છેક મુંબઈથી પણ સાધકોનો મોટો સમુદાય આવ્યો. ત્રણસો જેટલા સાધકો અંબાજીમાં ભેગા થયા. અંબાજીના પંચાલ ભુવનમાં સાધકોનો ઉતારો હતો.

ગુરુપૂર્ણિમાના કાર્યક્રમનો આરંભ સવારે ૭ થી ૮, જ્યોતિર્મયી વિશ્રામગૃહના સ્થાનના ઉપરના ભાગમાં ધ્યાનની બેઠકથી થયો. પૂ. માએ સહુ સાધકોને કલાક ધ્યાન કરાવ્યું. પૂ. શ્રીને પ્રિય એવું ધ્યાન સાધકોને નિયમિત કરવા તેઓએ અનુરોધ કર્યો. સાથે સાથે કહ્યું "આ સ્થાન એવું બનો કે જ્યાં સંસારથી તપેલા અશાંત જીવોને શાંતિની પ્રાપ્તિ થાઓ."

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરની તસ્વીરનું ષોડશોપચારથી પૂજન કરવા માટે પૂ. માએ શ્રી મૂળશંકરભાઇ જાની (વડોદરા), શ્રી જશભાઈ પટેલ (વડોદરા), શ્રી બાલુભાઇ જામ્બુચા (ભાવનગર) તથા શ્રી વિનોદભાઈ પટેલના (ન્યુયોર્ક, અમેરિકા) પરિવારને પસંદ કર્યા. યુવાન સાધક શ્રી વિજયભાઇ પુરોહિતે શાસ્ત્રોક્ત વિધિથી પૂજા કરાવી. સહુ સાધકોએ પણ પૂ. શ્રીની ગુરુપૂજામાં માનસિક રીતે જોડાઈ, સમગ્ર પૂજાનો લ્હાવો માણ્યો.



આ પછી પૂ. શ્રીએ વિવિધ સાધકોના જીવનમાં કેવું પરિવર્તન આણેલું, એઓશ્રીનું જીવન, એમની સાધના અને એમના ઉત્તમ ગુણોનું દર્શન કરાવતાં પ્રવચનો થયાં. એમાં મુખ્ય વક્તાઓ હતાઃ-પ્રો. ટી. જી. ભટ્ટ, શ્રી વિજયસિંહ રાણા, શ્રી અતુલ કોન્ટ્રેક્ટર, શ્રી જે. વી. શાહ, શ્રી મૂળશંકરભાઇ જાની, શ્રી બાબુભાઇ વોરા, શ્રી જશભાઈ પટેલ, શ્રી નારાયણભાઈ જાની, શ્રી ઈશ્વરભાઇ ભક્ત, શ્રી વિનોદભાઇ પટેલ અને શ્રી હરિભાઈ ભોજાણી, શ્રી રેવાશંકરભાઈ પુરોહિતે ખૂબ રોચક વક્તવ્યમાં પોતાના જીવન પરિવર્તનની વાતો કહી.

પૂ. માએ આ સમગ્ર પર્વ ઉજવણીનું સમાપન કરતાં કહ્યું કે પૂ. શ્રી આજે પણ છેજ. એનું પ્રત્યક્ષ પ્રમાણ અમારી હયાતી છે. ચારસો પચાસ ઉપવાસો થયા છતાં હજી આ શરીર ટક્યું છે, તેનું કારણ પૂ. શ્રી જ છે. બાકી અમારામાં એવી કોઇ શક્તિ નથી કે અમે ચાર છ દિવસ ભૂખતરસ વેઠી શકીએ. એટલે ગુરુના ભૌતિક દેહવિલય પછી એમના અસ્તિત્વ અંગે કદી શંકા કે અશ્રદ્ધા ન કરતા. વળી આજના આ મંગલ પવિત્ર દિવસે સહુ સાધકો કોઇને કોઇ નવો નિયમ લે ને જીવનને વધારે ને વધારે પ્રભુપરાયણ તથા પરોપકારી બનાવે, એ જરૂરી છે."

"આટલા બધા સાધકો અમારા કેવળ સંદેશાથી અશાંત પરિસ્થિતિ છતાં, અંબાજી જેવા સુદૂરના સ્થાનમાં આવ્યા. એમાં અમારૂં કોઇ બળ નથી, પરંતુ પૂ. શ્રી પ્રત્યેની શ્રદ્ધાભક્તિજ તમો સહુને ખેંચી લાવી છે, એ અમારે માટે આનંદનો વિષય છે."

પૂ. માના વક્તવ્ય પછી પૂ. ગુરુદેવ અને પૂ. માની આરતી કરી, સહુ સાધકોએ તેઓનું પૂજન અર્ચન કરી પુષ્પાંજલિ અર્પણ કરી.

આ મંગલ ઉજવણી પ્રસંગે, સાધક ભાઇ બહેનોએ સાથે મળી પૂ. શ્રીને પ્રિય એવી ખીચડી, શાક ને કઢી બનાવ્યા હતાં. છેક અમેરિકાથી આ પર્વમાં સામેલ થવા સપરિવાર આવેલ શ્રી વિનોદભાઇ પટેલ તરફથી પૂ. માના સ્વહસ્તે બદામ ને પેંડાનો પ્રસાદ વહેંચવામાં આવ્યો. ઉપવાસો હોવાથી પૂ. મા તો કશું લેતા નથી. એટલે એમને અર્પણ કરવા લાવેલ બદામો પૂ. માએ સહુ ભક્તોને વહેંચાવી દીધી.

ગુરુપૂજનની આંતરિક ભાવના સંતોષાતાં કૃતકૃત્યતા સહુ સાધકોએ અનુભવી.

સગવડ આવે છે મહેમાન બનીને, પછી એનું રોકાણ લંબાવીને જાતે જ યજમાન બની બેસે છે, ને અંતે આપણને ગુલામ બનાવીને કાયમી વસવાટ કરે છે.

*

સત્યની ખોજ પણ તમને મુક્તિ અપાવશે—ભલે સત્ય તમને કદી ન સાંપડે.



## યુવક કલ્યાણ કેન્દ્ર

પ્રભુભાઇ હળવદીયા

આ વર્ષે અંબાજી ખાતેના ગુરુપૂર્ણિમાના ઉત્સવની ઉજવણીની નોંધપાત્ર સિદ્ધિ શ્રી યુવક કલ્યાણકેન્દ્રની સ્થાપના લેખી શકાય.

યોગેશ્વર પરિવારના યુવાન સાધકોએ ભેગા મળી આ કેન્દ્રની સ્થાપના કરી છે. તેનો પ્રધાન હેતુ, પૂ. શ્રીના સાહિત્યનું વેચાણ છાપેલા કરતાં ઓછા દરે કરવાનું, ઉત્સવોની ઉજવણીના કાર્યક્રમોનું આયોજન, પૂ. શ્રીના ફોટાઓ ને પૂ. માના ભજનોની કેસેટો વગેરેના વેચાણની વ્યવસ્થા કરવાનો છે. પૂ. માએ આ બધી જનહિતની પ્રવૃત્તિઓને આવકારી આ કેન્દ્રને પોતાના આશીર્વાદ સાથે રૂા. ૫૦૧ ની ભેટ પોતા તરફથી આપી છે. પાલનપુરના શ્રી રેવાશંકરભાઇ પુરોહિતે પણ રૂા. ૧૧૧૧ આપ્યા છે. તે ઉપરાંત, બીજા સાધકો જેવા કે શ્રી અજય કલોલા, શ્રી પ્રભુદાસ હળવદીયા, શ્રી ભરત ગાંધી શ્રી અમિત ચાવાલા વગેરે કાર્યકરો તરીકે સેવા આપશે, જ્યારે શ્રી અતુલ કોન્ટ્રેકટર આ સમગ્ર પ્રવૃત્તિઓની જવાબદારી બીજા સાથીઓ સાથે મળી સંભાળશે.

આ પ્રવૃત્તિઓમાં મદદરૂપ થવા રોજનો રૂપિયો બચાવી કેન્દ્રને સહાય થનાર સભ્યોની પણ નોંધ કરવા માંડી છે. જે સાધકો આમાં જોડાવા માંગતા હોય તેમણે દર મહિનાની દસ તારીખ સુધીમાં રૂ. ૩૦નું મનીઓર્ડર શ્રી અતુલ કોન્ટ્રેકટર, ૩૬, પ્રોફેસર્સ સોસાયટી, વલ્લભવિદ્યાનગર-વાયા આણંદ ૩૮૮૧૨૦ એ સરનામે મોકલી આપવું. અને તે અંગેનો પત્ર વ્યવહાર એમની સાથે સીધો કરવો.

પ. પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનકાર્યનો સમાજમાં વ્યાપક-રીતે પ્રચાર ને પ્રસાર કરવાનો આ કેન્દ્રનો પ્રધાન હેતુ છે.



## શ્રમયજ્ઞથી સ્વર્ગારોહણતીર્થની પુનર્રચના

અજય કલોલા.

પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહના પાછળના ભાગમાં પૂ. માશ્રી સર્વેશ્વરીએ પોતાના તથા સાધકોના સ્વહસ્તે પત્થરો ગોઠવી, સ્વર્ગારોહણ તીર્થની કુટિયાની રચના શિયાળામાં કરેલી.

આ વર્ષે ગુરુપૂર્ણિમા પ્રસંગે સાધકો અંબાજીમાં ભેગા થયા. એમણે પૂ.માએ સ્વહસ્તે રચેલ આ તીર્થનાં દર્શન કર્યાં. એમાં પ. પૂ. મહાત્માજીની સુંદર તસ્વીરની સ્થાપના પણ પૂ. માએ આરસની પાકી બેઠક રચી કરેલી.

સાધકોએ કેવળ જમીન ઉપર ગોઠવેલા છૂટા છૂટા પત્થરોની બનાવેલી આ કુટિયા ચોમાસાના પવનો ને પાણીના પ્રવાહમાં નહિ ટકે એવી ભીતિ પ્રદર્શિત કરી. પૂ. માને પણ એ વાત સાચી લાગી. એમણે તુરતજ કહ્યું: "ચાલો તો આપણે એને ચૂનારેતીથી ફરીથી ચણી કાઢીએ."

બસ. પૂ. માનો સંકલ્પ એટલે સંકલ્પ. એમણે તો તેજ દિવસે બપોરે અઢી વાગે કામનો પ્રારંભ કરી દીધો. પહેલાં આખી કુટિયાના પત્થરો ખસેડી નાંખી, સાધકોએ થોડો પાયો ખોદયો. સાઇઠ કરતાં વધારે સાધક ભાઈબહેનો એમાં કામે લાગ્યાં. પૂ. મા દરેક કામમાં માર્ગદર્શક બની સૂચના આપતાં. સાધકોમાં ત્રણ તો ઇજનેરો હતા. તેમાં ઇજનેર શ્રી વિનોદભાઈ પટેલ તો પોતાના પરિવાર સાથે છેક અમેરિકાથી

આવેલા. તેઓ પણ બધાંની સાથે કોઈપણ પ્રકારના મોટાઈના ભાવ સિવાય, કામ કરવા લાગી ગયા. કુટિયા પહેલાં પાંચ સાત માણસો બેસે એવડી હતી. તેનો ઘેરાવો મોટો કરી હવે પંદર માણસો બેસી શકે એવી કરવામાં આવી.

આ નવી રચના માટે પૂ.મા પણ ફૂટતા પત્થરો ઊંચકી ઊંચકીને આપતાં. એમાં કેટલાક તો પંદર-વીસ કીલો વજન-ના પણ હોય. છતાં પૂ.મા આટલા ઉપવાસો છતાં સહજ-રીતે તે ઉચકતાં ને પાસેના સાધકને હાથ લંબાવી આપતાં. એમનામાં આ માટેની શક્તિ ક્યાંથી આવતી તે કોણ કહી શકે? સાધક ભાઈ બહેનોની લાઈનો ગોઠવાઈ જતી અને પત્થરોનો મોટો ઢગલો કુટિયાના પાયા પાસે જોત જોતામાં થઈ ગયો. કહ્યું છે ને 'ઝાઝા હાથ રળિયામણા.' વળી અહીં તો ભાવનાથી પ્રેરાયેલો સાધકવર્ગ હતો. એટલે શ્રમની સાથે ભાવનાય ભળેલી.

પત્થરો એકત્રિત થયા પછી ચણવાનું કામ ચાલ્યું. પાંચ સાત સાધકો તેમાં લાગ્યા, તો ચારપાંચ બહેનો ચૂનો રેતી ભેળવી, તગારે તગારે આપવા માંડ્યાં સંધ્યાકાળ સુધીમાં કુટિયા પા ભાગની ચણાઈ ગઈ. પછી સાધકોને પૂ. માએ થોડો વિરામ આપ્યો. ઉત્સાહી સાધક શ્રી રેવાશંકર પુરોહિતે બધાજ સાધકો માટે ચણા ગોળ આણ્યા ને પૂ માએ પોતાના સ્વહસ્તે તે પ્રસાદ સહુને વહેંચ્યો. બે પેટ્રોમેક્ષો લાવી રાત્રે નવ વાગ્યા પછી ફરી ચણવાનું કામ શરૂ થયું તે એક ધારૂં રાત્રે અઢી વાગ્યા સુધી ચાલ્યું. ત્યાં સુધીમાં કુટિયા પાંચ ફુટ ઊંચી ચણાઈ ગઈ. કેવું અદ્‌ભુત કહેવાય! આ કામની વિશેષતા તો એ હતી કે દરેક કામ કરતાં કરતાં સાધકો પ્રભુના નામનું સંકીર્તન કરતા કે ધૂન બોલાવતા. આમ આખું



વાતાવરણ પ્રભુના નામ સ્મરણથી ગૂંજી ઉઠતું. રાત્રિની નીરવ શાંતિ ને ચંદ્રમાની ચાંદનીમાં પ્રભુના નામનું સંકીર્તન–ગંગા યમુનાના પ્રવાહમાં જાણે ગુપ્ત સરસ્વતીની જેમ ભળી જઈ, ત્રિવેણી સંગમરૂપ બની જતું.

રાત્રે ૨–૩૦ વાગે રાજકોટના એક યુવાન સાધકભાઈ શ્રી દવેએ બધાજ સાધકોને પૂ. માના હસ્તે ફરી પ્રસાદ વહેંચાવ્યો પરિશ્રમથી બધા થાક અને ભૂખ અનુભવતા હતા. સહુને માએ ભરપુર પ્રસાદ આપ્યો. એમાં પૂ. માના વાત્સલ્યે અજબ જેવી મીઠાશ પૂરી.

કામ પૂરૂં કરી ઉતારા ઉપર પહોંચ્યા તો વહેલી સવારના સાડાત્રણ થયા હતા. પૂ. માએ કહ્યું. અમે તો હવે સ્નાન કરી જપ કરવા બેસી જઈશું. તમે પણ વહેલાં ઉઠજો. સવારે છ વાગે કૈલાસ ટેકરી જવા નીકળશું."

બીજે દિવસે સવારે વાંસની ખાપો બાંધી તેના ઉપર તાડ ને ખાખરાનાં પાનાં ઢાંકી સરસ રીતે તેની છો કરવામાં આવી. કુટિયાનું આ નવું સ્વરૂપ માત્ર ૨૪ કલાકની અંદરજ પૂ. માના સંકલ્પથી રચાયું. એનો દેખાવ આપણને કોઈ પ્રાચીનકાળના ઋષિના આશ્રમની ઝૂંપડીની યાદ અપાવે એવો બની રહ્યો. પૂ. માએ એમાં પૂ. શ્રીની રંગીન તસ્વીરની પૂર્વવત્ સ્થાપના કરીને ભક્તોએ નામ સંકીર્તનના ઉદ્દઘોષથી આસપાસના સમગ્ર વાતાવરણને સાત્વિકતાથી સભર કરી દીધું.

બીજા દિવસે પાસેથી પસાર થતા આદિવાસીઓને આશ્ચર્ય થતું કે રાતોરાત આ સ્થાન કેવી રીતે ઊભું થઈ ગયું! શ્રદ્ધા, ભક્તિ અને ભાવના સાથે શ્રમે ભળીને, સ્વર્ગારોહણ તીર્થનો કાયાકલ્પ સર્જ્યો એની પાછળ પ. પૂ. ગુરૂદેવશ્રી

યોગેશ્વરજીની કૃપા ને પૂ. માના સંકલ્પબળેજ કામ કર્યું', એમ કહેવાય સ્વર્ગારોહણ તીર્થની જયહો.

અજબની વાત તો એ બની કે શ્રમયજ્ઞના પરિશ્રમથી થાકેલા સાધકો માત્ર કલાક દોઢ કલાકની નિદ્રા લઇને, સવારે છ વાગે સ્નાન કરી સહુએ પૂ મા સાથે કૈલાસ ટેકરી તરફ કૂચ આરંભી.

---

## પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મદિનની ઉજવણી

તા. ૧૫ મી ઓગસ્ટ એ ભારતના સ્વાતંત્ર્યદિન ઉપરાંત પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનો જન્મદિન પણ છે. એમના પાર્થિવતનુના પ્રાકટ્ય દિનની ઉજવણી આ વર્ષે અમદાવાદ ખાતે-શ્રીમતી મધુરીબેન શાહ હોલ, સેંટ ઝેવિયર કોલેજવાળો ખાંચો, નવરંગપુરા, અમદાવાદ ૯ ખાતે કરવાનું પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ કરાવ્યું છે. તો સાધકોને પધારવા હાર્દિક નિમંત્રણ છે. આ અંગેની જાણ પત્ર દ્વારા શ્રી બાબુભાઇ વોરા, ૩૧ ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ ૯ ને પત્ર દ્વારા કરવી. આ અંગેનો કાર્યક્રમ સવારે ૧૦ થી સાંજના ૪ સુધીનો રહેશે.



# પ્રેરણાની પરબ

વક્તા : મહાત્મા યોગેશ્વરજી
સંકલન : નિલુ દવે

જેને જેમ અનુકૂળતા હોય તેમ ધ્યાન કરવું જોઇએ. ધ્યાન-જપ વગર અને જપ સાથે પણ થાય છે. ધ્યાનથી મનને એકાગ્રતાનું આલંબન મળે છે. નામ જપ, મંત્રનો આધાર, છબીના આલંબનથી ધ્યાન થાય છે.

ધ્યાન એટલે તન્મયતાની અવસ્થા. જેનું ધ્યાન કરીએ, તેમાં તલ્લિનતા આવે તેનું નામ ધ્યાન. પરમાત્માના સ્મરણમાં તન્મયતા આવે, લીન, એકરસ થઇ જવાય તેને ધ્યાન કહે છે. ધ્યેયમાં તલ્લીન થઈ જવાય, બીજુ કાંઈ યાદ જ ન આવે, શરીરનું ભાન જ ન રહે ત્યારે ધ્યાન બરાબર થયું કહેવાય.

પરમાત્માની ચિંતા વધારે કરશો, પરમાત્મામાં ચિત્તવૃત્તિ વધારે પરોવશો ત્યારે જ તમારી શક્તિઓ આપમેળે જાગીને જ રહેશે. તમારુ શરીર અને પ્રાણ અંકૃત થઇ જશે. મન નવું થઈ જશે. જીવન પવિત્ર મંગલકારી બની જશે. મન નવીન શક્તિઓથી છલકાઇને સંપન્ન થઈ જશે. દૈવીસંપત્તિ જેવુ જીવન બનાવો જેથી સારા માનવ થવાય. ગમે તેટલું વાંચો પણ આદર્શ જો જીવનમાં નહિ ઉતારો તો તમને શાંતિ નહિ મળે. સમાજને પણ તમારાથી શાંતિ નહીં મળે. તમે ભક્તિ ને જ્ઞાન સાથે માનવતાથી મહેંકવાનું કામ કરો. જપ, તપ, સ્વાધ્યાય, સેવા કરવી જેથી આપણું જીવન શાંતિથી સંપન્ન બને. આપણા જીવનમાં સંવાદની વીણાનું

વાદન થઈ જાય. જીવનમાં કાંઈ વિષમવાદ રહે નહિ. નામ જપ કરો. સંકીર્તન કરી ધ્યાન ધરો. ધ્યાન ધરતાં ધરતાં હૃદય નિર્મળ બનશે. બહારનાં પ્રલોભનો ડરાવી નહીં શકે. સાધકને ભયભીત નહીં બનાવે. સાધક નિર્ભય બનશે. સાધક ખુદ ધ્યેયની દિશામાં આગેકૂચ કરશે. સાધક કમળની જેમ અનાસક્ત રહેશે. એકાંતમહીં બેસી હરરોજ આંતરખોજ માટે હૃદયમાં ડૂબકી મારતા રહેશો તો તમને આપમેળે સ્વયં તમારી ત્રૂટીઓ જોવા મળશે ને ઉકેલ પણ જડી જશે.

પૈસા ફોતરાં ખરીદી શકે, મીંજ નહીં; ખોરાક લાવી શકે, ભૂખ નહીં; દવા લાવી શકે આરોગ્ય નહીં; પરિચિતો, મિત્રો નહીં; નોકરો, વફાદારી નહીં; મોજમઝાના દિવસો, શાંતિ ને આનંદ નહીં.

રાજા બનીને મારી દોલત ભિખારીની જેમ વાપરવાને બદલે, ભિખારી બનીને મારી પાસેનો છેલ્લો ત્રાંબિયો રાજાની જેમ ખરચી નાખવાનું હું પસંદ કરું.



# રામકથા

—શ્રી યોગેશ્વરજી

(પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની સિધ્ધ કલમે લખાયેલ રામકથા)

## -: મિથિલાની વિદાયઃ-

'એ તો જાણું છું.' ઉર્મિલા બોલી : 'પણ લગ્નના સમાચાર તો મોકલીશને ?'

'સમાચાર પણ શા માટે મોકલું ? એ તો લગ્ન થશે ત્યારે આપોઆપ જણાશે. મારા લગ્નનું ઠેકાણું જ કયાં છે ? આ તો તારું લગ્ન તારી મનપસંદ રીતે થયું છે. એટલે એના આનંદના અતિરેકમાં તું મારી ઠેકડી કરતી લાગે છે. પરંતુ તારો આનંદ લાંબો વખત નહિ ટકે.'

'ભલે, તું મારે માટે ગમે તેવી અશુભ ભાવના પ્રકટ કરે તો પણ મારા મુખમાંથી તારે માટે ખરાબ શબ્દ નહિ નીકળે. હું તો ગમે ત્યાં હોઇશ તો પણ તારી લાગણીને લીધે તારું સારું જ ચાહીશ. ઈશ્વર તારું સર્વ પ્રકારે સારું કરે ને તને સંપૂર્ણ શાંતિ તથા આનંદ ધરે.

'મને સંપૂર્ણ શાંતિ, સુખ અને આનંદ આપવા તો તારે મારી થવાની આવશ્યકતા હતી, ઊર્મિલા !'

'એ દિવાસ્વપ્ન તો હવે તૂટી ગયું ને ? હવે શું ?

'છતાંપણ એનો નશો નથી તૂટ્યો'

'કાળ એને પણ ક્રમેક્રમે તોડી નાખશે, ત્યારે તને સાચું સમજાશે ને તું સુખી થશે. તારા મારી સાથેના વર્તનને માટે તે વખતે કદાચ તને પશ્ચાત્તાપ પણ થયા કરશે.'

'એવી નિરર્થક, આધાર વિનાની આશા ના રાખતી. તારા મુખમાંથી જે શબ્દો નિકળ્યા છે તે શબ્દો સાચું કહેતાં તો તને

જ લાગુ પડે છે. ને લાગુ પડવા જોઇએ. ભવિષ્યમાં તને પોતાને જ જ્યારે સાચું સમજાશે ત્યારે મને અન્યાય કરવા માટે તને પશ્ચાતાપ થશે. એ વખતે, મને તો એ વાતનો પૂરેપૂરો સંભવ લાગે છે કે તું મારી માફી પણ માગશે.'

'જોજે ત્યારે, કોના શબ્દો કોને માટે સાચા ઠરે છે!'

સીતા અને ઉર્મિલાની વિદાયનો વખત આવી પહોંચ્યો એટલે જનકનો પ્રાણ પીગળવા લાગ્યો. એમના અંતરની વ્યથા વધી ગઈ. એ જ્ઞાની હતા તથા ભારે ધીરજવાળા ગણાતા તોપણ એમનું હૈયું ભરાઇ ગયું. આંખમાં અશ્રુબિંદુ ભરાઈ ગયાં લગ્નના અમૂલખ અવસરનો આનંદ સીતા તથા ઉર્મિલાની વિદાયના કરુણ વિચાર આગળ લાંબો વખત ના ટકી શક્યો ને ઉડી ગયો. સીતા અને ઉર્મિલાના અંતરમાં પણ કરુણાની ઘેરી છાયા ફરી વળી. મિથિલા નગરીમાં વિતાવેલાં વરસો એમની આગળ એક પછી એક હાજર થવા લાગ્યાં, ને પરિણામે એમના અંતરમાં એક પ્રકારની મીઠી વેદના થવા માંડી. એમની માતાની સ્થિતિ પણ ભારે વિષાદમગ્ન બની ગઈ.

સીતાએ ઉર્મિલાને કહ્યું પણ ખરું : 'લગ્નનો અવસર આમ તો આનંદમય લાગે છે. પરંતુ એના આનંદની પાછળ વિષાદ પણ છૂપાયેલો છે. એની ખબર તો પાછળથી જ પડે છે. મિથિલા નગરીની, માતાપિતાની ને સ્વજનોની વિદાય લેવાનો વખત પાસે આવ્યો છે. ત્યારે દિલને કેટલું બધું માઠું લાગે છે?'

'દૈવ પણ કેવું છે?' ઉર્મિલા બોલી : 'એની લીલા કેવી અજબ છે? જેમને માટે દિલમાં સ્નેહ બંધાયો તેમની સાથે સંબંધ જોડીને એણે શાંતિ આપી, પરંતુ વહાલાંના વિયોગનો વખત પાસે લાવીને અંતરને અશાંત પણ કરવા માંડયું. સુખની સાથે આંસુ જીવનમાં એકમેકનાં સાથી થઇને રહેલાજ છે. એવી હવે પ્રતીતિ થાય છે.



'મિથિલાએ મારા પર આટલી બધી મોહિની કરી છે તેની તો મને ખબર જ નહીં.' 'મને પણ એવી ખબર આજે જ પડી શકી. અહીંનું પ્રત્યેક પરમાણુ પ્રાણને પકડીને ખેંચી રહ્યું હોય એવું લાગ્યા કરે છે.' છેલ્લે છેલ્લે સખીઓ સાથે બંને ઉદ્યાનમાં ભવાની માતાના દર્શને આવ્યા ત્યારે પણ એમનું હૈયુ ભરાઇ આવ્યું.

'આ સુંદર ફુલવાડીમાં જ સૌથી પહેલા દશરથનંદન રામનું દર્શન થઇ શકેલું. એ ત્યાં ઉભા એવા પેલા ઘટાદાર વૃક્ષની નીચે. 'હા, આ ફુલવાડી ભારે મંગલમય ને શુકનિયાળ સાબિત થઈ.' ઉર્મિલાએ ઉદ્‌ગાર કાઢ્યા : 'લક્ષ્મણ પણ સૌથી પહેલા ત્યારે જ મળેલા.' એ વખતે કોને ખબર હતી કે એમની સાથે આપણું લગ્ન થશે?' 'અને એ પણ એકજ દિવસે અને એકજ સાથે?

'લગ્નના પ્રસંગને પૂરો થયે તો થોડા દિવસો જ વિત્યા છે. છતાં પણ રામ અને લક્ષ્મણને આપણે લાંબા વખતથી ઓળખતા હોઇએ એવું લાગ્યા કરે છે.' 'સાચું છે.'

ભવાની માતાના દર્શનનો લાભ લઇને બંને ઉભાં રહ્યાં ત્યારે બંનેની આંખ ભરાઇ આવી. બંનેનાં અંતર ભાવમય બનીને જાણે એકીસાથે જ બોલી ઉઠ્યાં : 'મા, આ બધુ તારા જ અનુગ્રહનું પરિણામ છે. તારા અનુગ્રહ વિના અમારું જીવન આટલું બધુ આનંદમય ભાગ્યે જ બની શક્યું હોત.' થોડીવાર સુધી બંને ઊંડી કૃતજ્ઞાપૂર્વક ઉભી રહી એટલે સીતાએ પૂછ્યું : માતાની પાસે હજુ પણ કાંઈ માગવું બાકી છે?' બીજું તો શું માગવા જેવું બાકી રહ્યું છે? હા, એક વાત જરૂર યાદ આવે છે. લગ્નની ભાવના તો માતાની કૃપાથી સરળતાપૂર્વક પૂરી થઈ. પણ એના અનુસંધાનમાં હવે એક બીજી વાત જરૂર માગીએ કે જેની સાથે લગ્ન થયું છે એનો આપણને વિયોગ ના થાય.'

'એ માગણી બરાબર છે. વિયોગ થોડા વખતનો હોય કે વધારે વખતનો તોપણ સદાયે દુઃખદ જ સાબિત થાય છે. એની કામના કોઈયે નથી કરતું.'

'કાળ જોકે જુદા જુદા જીવોનો વિયોગ કરાવે છે, પરંતુ આપણા સૌનો કાળ એકીસાથે જ આવે એવું માગી લઈએ, એટલે વિયોગની વ્યથા જ ના રહે.' અને એ છતાં પણ, જો વિયોગની વ્યથા આવે તો તેને શાંતિ સાથે સ્મિતપૂર્વક સહન કરીએ. એવું બળ દે.'

'પણ એ તો બહુ દૂરની વાત થઈ.' ઉર્મિલા બોલી 'અત્યારે તો એ મધુમયી મિથિલા તથા આપણા સ્વજનોની વિદાય વખતની વ્યથાને સહન કરવાની શક્તિ મેળવીએ તો પણ ઘણું છે.'

પુત્રીઓને વિદાય આપતી વખતે જનકની અવસ્થા અત્યંત કરુણ બની ગઇ. એ ગદ્‌ગદ્ સ્વરે કહેવા માંડ્યા. 'ઈશ્વરની લીલા તો જુઓ ! માતાપિતા, ભાઈબેન તેમજ બીજાં સ્વજનો સાથે સ્નેહ બાંધીને સુખ માનનાર કન્યા લગ્ન પછી એ બધામાંથી મનને પાછું વાળીને નવા ઘરમાં નવા સ્વજન સાથે રહેવા જાય છે. એનું કાળજું કેટલું કઠણ થાય છે ? એના ત્યાગની તુલના તપસ્વીઓ તથા ત્યાગીઓના મોટામાં મોટા ત્યાગ સાથેય નથી કરી શકાતી. એનો ત્યાગ સૌથી કઠિન, કઠોર અને શ્રેષ્ઠ લાગે છે.'

દૂર સુધી એ વળાવવા ગયા. મિથિલા નગરીમાં પાછા ફરવાનું એમને મન નહતું થતું. પરંતુ નગરની બહાર નીકળી ગયા પછી આખરે એમને પાછા ફરવું પડ્યું. તે વખતે એમના હૃદયના બધા જ બંધ તૂટી ગયા અને એ મુક્ત મને, કોઈપણ પ્રકારના સંકોચ વિના, રડી પડ્યા.

## અલૌકિક કથા

અયોધ્યા નગરીના દર્શનનું સૌભાગ્ય ઘણે લાંબે વખતે પ્રાપ્ત થયું એથી રામ અને લક્ષ્મણને અનહદ આનંદ થવા માંડ્યો. એમનો પ્રાણ પુલકિત બનીને નાચવા માંડ્યો.



એમને રોમાંચ થયાં.

અને કેમ ના થાય ?

માણસ ગમે ત્યાં ફરે કે ગમે ત્યાં રહે, પરંતુ જન્મભૂમિના દર્શનથી અથવા માતૃભૂમિમાં આવવાથી એક પ્રકારની ઊંડી શાંતિ અથવા પ્રસન્નતાનો અનુભવ કરે છે. એ હકીકત રામ અને લક્ષ્મણને માટે પણ સાચી હતી. એ એમાં અપવાદરૂપ ન હતા.

રામે લક્ષ્મણને કહી બતાવ્યું : 'અયોધ્યામાં આવવાથી મને આટલો બધો આનંદ કેમ થઈ રહ્યો છે ? જાણે અત્યાર સુધી પૃથ્વીની બહારના કોઇ પ્રદેશમાં ફરતો હોઉં અને આજે પૃથ્વીમાં પ્રવેશતો હોઉં એવું લાગ્યા કરે છે.'

'મને પણ એવીજ અનોખી લાગણી થઈ આવે છે.' લક્ષ્મણ બોલ્યો : 'મારા અંતરના ઉમળકાને પ્રકટ નથી કરી શકતો. જાણે કોઇક દિવસો પહેલાં ખોવાઈ ગયેલી વસ્તુ પુનઃ પ્રાપ્ત થઇ હોય એવી લાગણી થયા કરે છે. એવી શાંતિ, એવી તૃપ્તી અને એવી સુખની ઉર્મિનો અનુભવ થયા કરે છે.'

'અયોધ્યા તો અમરાપુરીથી યે અધિક છે. આપણે બીજે બધે ફર્યા પરંતુ અયોધ્યાની ભૂમિ જેવી ભૂમિ ક્યાંય નથી જોઈ. આ ભૂમિ ચેતનમયી લાગે છે. આની રજ અત્યંત અદ્‌ભૂત અને અલૌકિક છે. એના અણુએ અણુમાં અસાધારણતાનું દર્શન થાય છે. એમ લાગે છે કે માનવને જ નહિ, દેવોને પણ આ ભૂમિ એટલો જ આનંદ આપતી હશે.

"સાચુ છે. દેવો પણ આ ભૂમિ પર મીટ માંડીને પ્રસન્ન થતા હશે. ને આ ભૂમિમાં જન્મવાની ભાવના સેવતા હશે. આ પવિત્ર સરયૂ અને એના સુંદર શાંત તટ પ્રદેશ પરના દેવ મંદિરોની ઝાંખી કરીને એમને કાંઇનું કાંઇ થઇ જતું હશે. આ મહિમામયી સુખથી છલકાતી અયોધ્યાપુરીમાં વિહરવાની કામનાને એ નહી

રોકી શકતા હોય.'

પવિત્ર સરયૂને પ્રણામ કરી, એનું આચમન લઇને સૌ આગળ વધ્યા. સીતા, ઉર્મિલા, માંડવી અને શ્રુતકીર્તિ તથા મિથિલા નગરીના બીજા પ્રજાજનો સરયૂના સુંદર તટ પ્રદેશના દર્શનથી આનંદ પામ્યા.

એમના આત્મા પ્રવાસના સઘળા શ્રમને ભૂલી ગયા. અયોધ્યાના સુંદર દૃશ્યની, એની આકર્ષકતા અને આહ્લાદકતાની સૌ પ્રશંસા કરવા લાગ્યા. સીતા અને ઉર્મિલાને એ દૃશ્ય ઘણું જ ગમી ગયું.

સીતાના મુખમાંથી ઉદ્ગાર નીકળ્યા : 'અયોધ્યાની ભૂમિ આટલી બધી આકર્ષક હશે એની તો મને કલ્પના પણ ન હતી. આ ભૂમિ વિશે સાંભળ્યું તો ઘણું હતું પરંતુ એ ગુણ શ્રવણ અધૂરું હતું એવી ખાતરી થાય છે. જે ભૂમિમાં રામ જન્મ્યા તે ભૂમિ કાંઈ જેવી તેવી ને જગતની ઇતર ભૂમિ જેવી સાધારણ તો નજ હોય. એ ભૂમિ રામની ચરણરજથી પાવન તથા વિશેષ મહિમાવાળી હોય એ સહેજે સમજી શકાય તેમ છે.' (ક્રમશઃ)

કેટલી બધી વસ્તુઓ પૈસા વડે ખરીદી શકાતી નથી—અને એ જીવનની સારામાં સારી વસ્તુઓ હોય છે. કેટલાં બધાં અનિષ્ટોને પૈસો દૂર કરી શકતો નથી—અને એ જિંદગીનાં સહુથી વધુ ખરાબ અનિષ્ટો હોય છે.



# પત્ર પ્રસાદી

સંકલન—શ્રેયાર્થી

એમ ના માનવું કે આપણે પાપી છીએ એટલે ભગવાન આપણી ભક્તિ નહિ સ્વીકારે. ભગવાન એવો નગુણો નથી. ભગવાન તો કહે છે કે ગમે તેવો પાપી હોય, ભક્તિનો અધિકારી બને એટલે થયું. મારી પાસે આવે એટલે તેનાં પાપ તો કયાંય જતાં રહે. ફક્ત ઉચ્ચ જાતિ કે બ્રાહ્મણ જ નહિ, સ્ત્રી, વૈશ્ય તથા શુદ્ર પણ મારે શરણે આવે તો પાપમુક્ત થઈ સુખી થાય છે એમ ભગવાન કહે છે. પછી શા માટે ગભરાવું ? આટલી પાકી ખાત્રી કોણ આપવાનું હતું ? ને આટલી ખાત્રી આપ્યા છતાંય જે સંસારી પદાર્થો પાછળ જ સારી જિંદગી વળગી રહે ને કૂતરાં બિલાડાં જેમ પેટ ભરે તથા પૈસા ભેગા કરવા જ સારી જિંદગી બરબાદ કરી દે, તેના જેવો મૂર્ખ બીજો કોણ હોય ?

જ્યારે ભગવાન કહે છે કે મારા નામનું સ્મરણ માત્ર કરવાથી સૌ કોઈ પાપમુક્ત થાય છે ત્યારે આપણે આપણને શામાટે પાપી માનવા ? આપણે તો ભગવાનનું જ સ્મરણ કર્યા કરવું જોઇએ બધામાં ભગવાન છે, ભગવાન જ બધાં રૂપ ધરીને આવ્યા છે. કોઈ ઠેકાણે તે વૃક્ષ બન્યા છે તો કોઈ ઠેકાણે ફૂલ. કોઈ ઠેકાણે પંખી બન્યા છે તો કોઈ ઠેકાણે ફળ. સગાંસંબંધી, માતાપિતા, પત્થર, માટી, ધૂળ, સૌ રૂપે તેજ આવ્યા છે એમ માનવું. આખી સૃષ્ટિ ઇશ્વરમય જ છે એમ અનુભવવું અને આનંદવું.

શ્રુતિ ભગવતી પણ કહે છે કે હે મનુષ્ય! આનંદોડસિ। તું આનંદ છે. હે મનુષ્ય! શુદ્ધોડસિ। તુ શુદ્ધ છે. બુદ્ધોડસિ।

તું મુક્ત છે. આ છતાંય આપણે શા માટે શોક રાખ્યા કરવો, શા માટે આપણને પાપી માનવા ?

સારી યે જિંદગી ને સારીયે વખત આપણે તો ભગવાનમાં જ ગાળવો, ભગવાનની જ વાતોમાં પસાર કરવો, ભગવાનનું જ સ્મરણ કરવું, જોવું તોય ભગવાનનું જ દર્શન કરવું, ને ચિત્તને એ રીતે ભગવાનમાં જ લીન રાખવું, ને ભગવદાકાર કરી દેવું. આજ ડહાપણ છે. જગતના સર્વ પ્રપંચ ને આ સિવાયના સર્વ વ્યાપાર મૂર્ખાઇ માત્ર છે. એ મનુષ્યો સાવ અજ્ઞાન છે જેઓ રાતદિવસ સંસારી પદાર્થો પાછળ જ ફરે છે ને પરમેશ્વરને યાદ પણ કરતા નથી.

(પૂ. યોગેશ્વરજીના હિમાલયના પત્રોમાંથી)

---

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે–સુરત.



# અમારી મીમાંસા

—ઈશ્વરભાઇ ભક્ત

ઋષિકેશ આવ્યાને પૂરા બે દિવસ થયા છતાં પૂજ્યશ્રી આગળના કાર્યક્રમ અંગે કશું બોલતા ન હતા. તેથી અમે આંતરિક રીતે અકળામણ અનુભવતાં હતા. જો કે કલોલાની શ્રધ્ધા અનન્ય પ્રકારની હતી. તેઓ શ્રધ્ધાપૂર્વક કહેતા કે "મહાત્માજી જે કરે તે આપણા ભલા માટે જ હોય છે." તેથી તેમને શાંતિ હતી. અમારી પાંગળી શ્રધ્ધા અમોને ઠરવા દેતી ન હતી. વધતા ઓછા પ્રમાણમાં અમે અવશ્ય અકળાતા હતા. અમારી અકળામણનાં મુખ્ય બે કારણો હતાં. એક તો ત્યાંના સ્થાનિક માણસોની વાતો સાંભળીને અમે એવી છાપ ગ્રહણ કરેલી કે હિમાલયના પહાડી માર્ગો માટે નાની ગણાતી ગાડીઓ નકામી બની જાય છે. વળી પોલીસે તો અહીં સુધી કહેલું કે અત્યાર સુધી નાની ગાડી જઈ જ શકી નથી. કપુરાથી અને વડોદરાથી જે ગાડીઓમાં અમે પ્રવાસ કરીને અહીં સુધી આવ્યા હતા તે ગાડીઓ તો નાની જ ગણાય. કારણ કે બંને ગાડીઓ "ફીયાટ"કાર તરીકે જાણીતી હતી. તે નાની અને નીચી ગણાય. એટલે ભાડુતી ગાડી કે જે "એમ્બેસેડોર" ગાડી તરીકે જાણીતી છે તેવી જ ગાડી લઇ જવી પડશે અને આ બંને નાની ગાડીઓ અહીં જ મૂકી જવી પડશે.

બીજું પણ એક કારણ હતું. વડોદરાથી ગાડી હાંકીને જે ભાઇ આવ્યા હતા તે પહાડી માર્ગોથી અણજાણ હતા. તેમને પોતામાં શ્રદ્ધા ન હતી. તેમનું નામ લાલાજી હતું. તેઓ જિતુભાઈના અંગત સંબંધી હતા. વળી તેઓ પૂજ્ય-

શ્રીથી આંતરિક રીતે પરિચિત ન હતા. હજી તો હમણા હમણા જ પૂજ્યશ્રીના સંપર્કમાં આવ્યા હતા. જ્યારે કપુરાની ગાડીના ડ્રાઈવર પૂજ્યશ્રીના કૃપાપાત્ર હતા અને પહાડી માર્ગોના જાણકાર પણ હતા. છતાં ગાડી ન હોવાથી તેમનો પણ ઉપયોગ કરી શકાશે નહિ તેનો અમને રંજ હતો.

આ બે કારણોને લઈને અમે ભાડુતી ગાડી જ્યાં જ્યાં મળતી હતી ત્યાં ત્યાં જઈને તપાસ કરી ચૂકયા હતા. સસ્તા દરવાળાને અમે કહી પણ રાખ્યું હતું. ખાનગીમાં યાત્રાની ઇતર માહિતી પણ મેળવી લીધી હતી. માત્ર પૂજ્યશ્રી આગળ· ના કાર્યક્રમની જાહેરાત કરે તેની જ અમે તો રાહ જોતા હતા.

સવાર સાંજ ગંગાસ્નાન કરવાની પૂજ્યશ્રીની આજ્ઞા હતી. બીજે દિવસે સાંજે નિયમ પ્રમાણે ગંગાકાંઠે અમે ભેગા થયા. સ્નાનાદિ ક્રિયા પતાવી અમે પ્રાર્થના પણ કરી. અંતે મહાત્માજીએ આગળના કાર્યક્રમની જાહેરાત કરી અને અમારી પ્રવૃત્તિ અને તેમાં રહેલી ત્રુટિ તેમણે તરત જ કહી બતાવી તેમજ ઠપકો પણ આપ્યો. મનની વાતો મહાત્માજી સમક્ષ છૂપાવી શકાતી નથી તેનો આ જોરદાર પૂરાવો હતો.

છતાં અધિકૃત માણસો પાસેથી જે માહિતી એકત્ર કરી હતી તે અમે દીનસ્વરે મહાત્માજીને સવિનય જણાવવા લાગ્યા. મહાત્માજી અમને અટકાવતા બોલ્યા : "અમારે તો જગદંબાની આજ્ઞા અનુસાર ચાલવાનું ! જગદંબા કહે છે પરમ દિવસે વહેલી સવારે ઘરની ગાડીમાં નીકળવાનું છે." સાંભળીને અમે તો વિચાર કરતા થઈ ગયા ! ઘરની ગાડીનો અર્થ બધાંને સમજમાં આવ્યો નહીં. મને તરત જ ખ્યાલ આવી ગયો હતો. પૂર્વના સંબંધે કપુરાની ગાડી



ઘરની ગાડી કહેવાય. કપુરાની ગાડી મા સર્વેશ્વરીના પિતાશ્રીની ગાડી હતી. પૂજ્યશ્રીએ તરત જ હરિભાઈને પૂછયું તો હરિભાઈએ પોતાનો વિશ્વાસ પ્રગટ કરતા કહ્યું કે "તમે સાથે હો તો પછી મારે શેની ચિંતા કરવાની ? તમે જ્યાં કહો ત્યાં મારે ગાડી લઈ જવી !"

હરિભાઈની શ્રદ્ધાનો રણકાર અમારા હૃદયને વિશેષ પરિચય આપી ગયો. હરિભાઈ માટે માન ઉપજ્યું. હરિભાઈ જન્મે મુસલમાન. તેમનું મૂળ નામ તો હુસેન શેખ. હરિભાઈ નામ તો પૂજ્યશ્રીએ જ પ્રદાન કરેલું. સ્વભાવે સરળ ને પૂરા ધાર્મિક. હરિભાઈ ખરેખર ભગવાનના માણસ લાગ્યા ! તેમની અટલ શ્રદ્ધા અમારી ઉણપનું પ્રદર્શન કરાવતી ગઈ ! મહાત્માજીએ હરિભાઈની શ્રદ્ધાને સુંદર શબ્દોથી પુરસ્કારી અને બોલ્યા : "અમે તો ઘરની ગાડીમાં જ જઈશું."

અમે એકમેકની સામે જોવા લાગ્યા. અમે એકત્ર કરેલી માહિતી કયાં ને મહાત્માજીનો નિર્ણય કયાં ? અમારું શું થશે ? અમે કેવી રીતે જઈશું ? મહાત્માજી અમારી મૂંઝવણ કળી ગયા હોય તેમ તરત જ બોલ્યા : "બાકીના બીજા બધા ભાડુતી ગાડીમાં ભલે આવતા. જગદંબા તેમની પણ સંભાળ લેશે !" મહાત્માજીના વચનથી અમને સહુ કોઈને આનંદ થયો.

તે વખતે અમારી પાંગળી શ્રદ્ધાનું થયેલું પ્રદર્શન મને જરા પણ ગમ્યું નહીં. અમારી શ્રદ્ધા માત્ર કહેવા પૂરતી જ હતી તેમનું અમોને ભાન થયું. અમારું દુન્યવી મન સમર્થ મહા પુરુષની સંગમાં સલામતી શોધી શકયું નહિ અને ભાડુતી ગાડીમાં સલામતી શોધવા ફાંફા મારતું હતું ! અમારી તે વિચિત્ર અવસ્થામાં પણ પરોપકારી કરુણાના સાગરજેવું

સંત હૃદય અમારી વારે ધાયું ને અમોને યાત્રામાં સાથે રાખ્યા ને રક્ષણનું વચન આપ્યું તે જેવીતેવી દાસ્તા ન ગણાય!

બીજે દિવસે સવારે ગંગાસ્નાન કરીને અમે મોહનલાલ સાથે બજાર તરફ ગયેલા. યાત્રામાં સાથે લઈ જવા માટે નાની નાની વસ્તુ વેચાતી મળે તો લઇ લેવી તેવો ઈરાદો હતો. પણ અમને સફળતા મળી નહિ. અમે પાછા વળ્યા ત્યારે રસ્તામાં એક સ્વામીજીની મુલાકાત થઇ. ધોયેલા કપડાંની આઈરીન કરાવવાના હેતુથી અમે ધોબીની દુકાન શોધી રહ્યા હતા ત્યારે ચાલીસેક વર્ષની ઉંમરના એક સ્વામીજી અમારી પાસે આવીને હિંદીમાં પૂછવા લાગ્યા : "ક્યાંથી આવો છો ?"

મોહનલાલે કહ્યું : "ગુજરાતથી."

"પરંતુ ગુજરાતમાં ક્યાંથી ?"

મોહનલાલે કહ્યું : "સુરતથી."

"તમારું શુભ નામ"—મોહનલાલે કહ્યું કે "મારું નામ મોહનભાઈ ભક્ત અને આ ભાઇનું નામ શ્રી ઈશ્વરભાઇ પટેલ."

"ઈશ્વરભાઇ પટેલ ? કબીરવાણીના તંત્રી ?" સંતે સામો પ્રશ્ન કર્યો. મેં તરતજ હિન્દીમાં પૂછ્યું : "શું તમે કબીરવાણી વાંચો છો ?" સ્વામીજીએ કહ્યું : "હા, હું વડોદરા તરફ વર્ષમાં એકાદવાર આવું છું ત્યારે વાંચવાનું બને છે. હું ગુજરાતી ભણ્યો નથી પણ સારી રીતે સમજી શકું છું. તમારા સાત અંકો હજી સુધી વાંચવાના મળ્યા છે. મને ગમે છે તેમાં પ્રગટ થતું કબીરસાહેબનાં પદોનું વિશ્લેષણ ને અર્થઘટન. તે કોણ કરે છે ?"



મોહનલાલે કહ્યું કે "ઈશ્વરભાઇ પોતે જ કરે છે." સાંભળીને સ્વામીજીએ અનેરો આનંદ વ્યક્ત કર્યો. તેઓ અમને તેમના નિવાસસ્થાને લઈ ગયા અને બીજા સાધુઓ સાથે પરિચય કરાવ્યો. વિશેષમાં તેમણે કહેલું કે "ભાવિકને અનુભવના પ્રદેશ સુધી લઇ જાય તે પ્રકારનું અર્થઘટન હિન્દી સાહિત્યમાં પણ ભાગ્યેજ થતું હશે !" આ સાંભળી મોહનલાલ મારા તરફ જોવા લાગ્યા હતા. મોહનલાલને મારા લખાણનું મહત્વ સમજાયું હોય તેમ મને લાગ્યું હતું.

સ્વામીજીનું નામ હતું વિયોગાનંદજી. તેઓ વિનોબાના પરમ ભક્ત હતા. તેઓ ભણેલા ગણેલા હતા. તેઓ બિહાર તરફના અમોને લાગ્યા હતા. વિનોબાના આદેશથી તેમણે ચંબલની ખીણમાં દસ વર્ષ સુધી આશ્રમ સ્થાપીને લોકસેવાનું કાર્ય કર્યું હતું. છેલ્લા બે વર્ષથી હિમાલયની ગોદમાં વિચરી રહ્યા હતા. તેમને મળીને અમોને ખૂબ આનંદ થયો હતો.

અમે ગુજરાતી આશ્રમમાં અમારા નિવાસસ્થાને પહોંચી વ્હેલી સવારે નીકળવાનું હોઈ જલદી સૂઈ ગયા હતા. મળસ્કે વ્હેલા ઊઠી, નાહીધોઈ, અમે ભાડુતી ગાડીની ઓફીસે પહોંચી ગયા હતા. નક્કી કરેલા સમયે ગંગોત્રીની યાત્રાએ નીકળી ચૂક્યાનો અમે આનંદ અનુભવતા હતા. સહુ પ્રથમ નરેન્દ્રનગર નજીક અમે ગાડી થોભાવી હતી અને થોડું ચાલીને પગ છૂટા કર્યા હતા. ત્યારે જિતુભાઇએ પૂછ્યું હતું કે "મહાત્માજી, સિદ્ધપુરુષોનાં દર્શન હિમાલયમાં થાય ખરા ?" પૂજ્યશ્રીએ કહેલું કે "હા થાય. પરંતુ તમે ઓળખી ના શકો તેનું શું ?" પાંચેક મિનિટની આવી વાતો પછી અમારો સંઘ આગળ ચાલ્યો હતો. ગાડીમાં બેસતાં પૂજ્યશ્રીએ આજ્ઞા કરેલી કે દૂધ મળે તેવી જગ્યાએ થોભજો.

દૂધમળે તેવી જગ્યાએ અમે જલદી પહોંચી ગયા. તે જગ્યાએ નાસ્તો પણ મળતો હતો. એમાં એક દૂકાન પાસે અમે જિતુભાઈ સાથે ગયા અને દૂધ અંગે પૂછપરછ કરી. નાસ્તાનો ભાવ પૂછતા હતા ત્યારે એક સામાન્ય મુફલીસ જેવો જણાતો એક માણસ દૂકાન પાસે આવ્યો. તે માણસ ચીંથરેહાલ હતો. તેને જોઇ જિતુભાઇને દયા આવી અને દૂકાનવાળાને કહ્યું કે "બે રૂપિયાનું ખવરાવી દે આ ભાઇને !"

તરત જ તે ચીંથરેહાલ વ્યક્તિ ખુમારીભેર બોલી ઉઠી : "તું મને કોણ ખવરાવવાવાળો. તું જ ખા તું જ !" ત્વરાથી તે નજીક આવ્યો ને દૂકાનવાળાના હાથમાંથી વસ્તુ લઇને જિતુભાઇને આપી દીધી ને તરત જ તે જતો રહ્યો. જિતુભાઈ આશ્ચર્ય પામ્યા. મેં કહ્યું "જિતુભાઈ, યાદ કરો મહાત્માજીના શબ્દો. સિદ્ધપુરુષ મળે ખરા પણ આપણે ઓળખી શકતા નથી તે ત્રુટી કહેવાય. ખરેખર, મને તો આ સિદ્ધપુરુષજ લાગ્યા."

પાછળથી મહાત્માજીની ગાડી આવી ત્યારે પૂજ્યશ્રીએ પણ ટેકો આપ્યો હતો. દૂકાનવાળાને અમે પૂછેલું કે આ કોણ છે ? ત્યારે તેણે કહેલું કે "અમે પણ ઓળખતા નથી. કોઇ દિવસ અમારી દુકાને તે આવ્યો નથી." અમારે માટે આ પ્રસંગ આશ્ચર્યનો હતો. ગાડીમાં બેસતાં જિતુ-ભાઇને મેં કહેલું કે "આપણીસાથે ફરતા સંત સિદ્ધપુરુષજ છે તેને આપણે ઓળખી શકયા નથી તો સાવ અજાણ ભિખારી જેવા લાગતા માણસને આપણે કેવી રીતે ઓળખી શકીએ ?"

આવા અલૌકિક અનુભવો કરતો અમારો સંઘ ટિહરી થઇ ઉત્તરકાશી પહોંચ્યો હતો; ત્યાં રાત્રિ નિવાસ કર્યો હતો.



બીજે દિવસે સવારે પૂજ્યશ્રીએ જે સ્થળે સાધના કરેલી તે સ્થળનાં પણ દર્શન કર્યાં હતાં. ત્યાર પછી ગંગોત્રી જવા અમે ગાડી હંકારી હતી.

ઉત્તરકાશીમાં ગંગોત્રી તરફથી આવતા યાત્રાળુઓ પર વરસાદ ખૂબ પડ્યો હતો અને જ્યાં ને ત્યાં ધોવાણ થઈ જવાથી તેમને જે અપાર મુશ્કેલીઓ પડી હતી તેની કથની અમોને સાંભળવા મળી હતી. એક ભાઇની મોટી ગાડી તૂટી ગઈ હતી અને પોતે ખુવાર થઇ ગયો હતો તેનું રુદન અમારી હિમ્મતની કસોટી કરતું હતું. મહાત્માજીને આ વાતની જાણ પણ અમોએ કરેલી ત્યારે મહાત્માજીએ કહેલું કે "જેણે આપણને ગંગોત્રી જવાની આજ્ઞા કરી છે તેણે વિચાર-વાનું છે. આપણે તો ચાલ્યા જ કરવાનું." ખરેખર, થયું પણ એવું જ કે ધોવાણ થઈ ગયેલા રસ્તાઓ સમરી પણ ગયા અને અમે સહિસલામત રીતે લંકાચટ્ટી પહોંચી ગયા હતા.

લંકા ચટ્ટીથી ભૈરવચટ્ટી પગપાળા જવું પડે છે. ભૈરવ ચટ્ટીથી બસ અથવા મોટર મળે છે અને ગંગોત્રી જવાય છે. અમે સાંજે ગંગોત્રી પહોંચ્યા હતા. પહોંચ્યા પછી અમારા એક બીજા સાથીદારનો આંતરિક પરિચય થયો. લાલાજી જિતુભાઈના સંબંધી થાય. તેઓ મહાત્માજીથી અજાણ હતા. એકાદ બે વાર મહાત્માજીનું વ્યાખ્યાન સાંભળવાનો મોકો જિતુભાઇને કારણે જ મળ્યો હતો. ગંગોત્રી પહોંચ્યા ત્યાં સુધીમાં મહાત્માજીના સામર્થ્યનો તેમને પૂરો ખ્યાલ આવી ગયો હતો. તેઓ ભારે મનોમંથનમાં પડી ગયા હતા. તેમને પોતાની ઉણપોનો ખ્યાલ આવવા લાગ્યો હતો. થયેલી ભૂલો માટે પસ્તાવો પણ થયો હતો. મહાત્માજીને શરણે રહેવા મન તલપાપડ થતું હતું. પરંતુ પોતાના અંગત જીવનની

વાતો કેવી રીતે જાહેર કરવી તે અંગે મૂંઝવણ પણ થતી હતી. આખરે તેમણે મા સર્વેશ્વરીની સહાય લીધી હતી અને મહાત્માજીના શરણે પહોંચવા પ્રયત્ન કર્યો હતો.

લાલાજી દારૂ, માંસ અને જુગારની બદીમાં સપડાઇ ગયા હતા. તે બદીને કારણે ગૃહસ્થ જીવન છિન્નભિન્ન થઈ જાય તેવો ભય હતો. અનેક દુર્ગુણોએ જીવનમાં પ્રવેશ પણ કર્યો હતો. આ બધીજ વાત તેમણે મહાત્માજીને કહી દીધી હતી અને એમાંથી છૂટકારો મળે તે માટે સહાયની માંગણી કરી હતી. પૂજ્યશ્રીએ આવા જીવોને સહાય કરવામાં જરા પણ વિલંબ કર્યો નહીં. બીજે દિવસે સવારે ગંગોત્રીના ઠંડા પાણીમાં લાલાજીને ઉભા રાખી આશીર્વાદ આપ્યા અને તમામ દુર્ગુણોમાંથી મુક્ત થવાનો દૃઢ સંકલ્પ કરાવ્યો. આ રીતે લાલાજીના જીવનમાં સમૂળગું પરિવર્તન આવ્યું અને આજે લાલાજી એકરાર કરતા મને લખે છે : "જ્યારથી મા પ્રભુના સંગમાં આવ્યો છું ત્યારથી બૂરા વિચારો મને સતાવતા નથી. ભય કે મુશ્કેલી ડરાવતી નથી. તમામ બદીમાંથી મને ઉગારી મારી ગંગોત્રીની યાત્રા મા-પ્રભુએ સાર્થક કરી છે, એ મારા જીવનની યાદગાર ઘટના છે. તમામ ક્ષેત્રોમાં આજે તો મા-પ્રભુ મને સહાય કરે છે તે એકરાર કર્યા વિના રહી શકું એમ નથી."

આ રીતે પૂજ્યશ્રીના પ્રભાવની અસર યાત્રાની પૂર્ણાહુતિ પછી લાંબાગાળા સુધી અનુયાયી ગણ અનુભવે છે તેની પ્રતીતિ લાલાજીના જીવનમાં આવેલું સમૂળગું પરિવર્તન છે. સંતો આવી ગૂઢ ને અલૌકિક રીતે લોકસેવાનું કાર્ય કરતા હોય છે. યાત્રામાં પૂજ્યશ્રીની ગૂઢ ને અલૌકિક રીતોનો અનેકવાર અનુભવો થયા હતા તે યાદ કરી આજે પણ મને અવનવીન પ્રેરણા પ્રાપ્ત થાય છે.



# એ ધન્ય દિવસ

નારાયણ હ. જાની

તા. ૩-૭-૮૫ને બુધવારનો દિવસ અમારા જીવનનો ધન્ય દિવસ બની રહ્યો.

તા. ૨-૭-૮૫ને મંગળવારે ગુરુપૂર્ણિમા હતી. પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ ગુરુપૂજનનો કાર્યક્રમ આ વર્ષે અંબાજી રાખ્યો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા હું મારાં પત્ની સાથે ભાવનગરથી અંબાજી જઈ રહ્યો હતો. અમદાવાદથી ઇડર થઈ અંબાજી જતાં માર્ગમાં મારા ગામે જવા રસ્તો ફંટાય. ત્યાંથી અમારૂં ગામ માત્ર દસ કિલોમીટર દૂર રહે. કોણ જાણે કેમ પણ મારાં પત્ની અને મને એક સાથે વિચાર આવ્યો કે છ વર્ષ પહેલાં પૂ. શ્રી અને પૂ. મા અંબાજીથીજ અમારે ગામ પધાર્યાં હતાં. આ વર્ષે પણ પૂ. મા અંબાજીથી અમારે ગામ આવે તો કેવું સારૂં! તે વખતે આ કેવળ વિચાર-તરંગ હતો. એ દિવસમાંજ તે એક સત્ય ઘટના બની રહેશે તેની અમને ત્યારે કલ્પના પણ ન હતી.

ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુપૂજનના કાર્યક્રમ પછી રાત્રે સત્સંગની બેઠક મળી. સો ઉપરાંત ભાઇ બહેનો અંબાજીના પંચાલભુવનમાં સત્સંગ માટે રોકાયાં હતાં. સત્સંગના અંતે પૂ. માએ પ્રસ્તાવ મૂક્યો. અમે આવતી કાલે શ્રી નારાયણભાઈના ગામ જવા વિચારીએ છીએ. પૂ.શ્રી પણ ચારેકવાર બ્રહ્મપુરી ગયેલા. એટલે આપણે મન એ તીર્થ સમાન છે. તમારામાંથી જે કોઈ ભાઇ બહેનોને આવવું હોય તે તૈયાર થાય. રસ્તામાં ખેડબ્રહ્મા માતાજીના દર્શન અને ભોજન માટે

રોકાઇશું. તે પછી ત્યાંથી પાંત્રીસેક કીલોમીટર બ્રહ્મપુરી છે, ત્યાં જીપમાં જઇશું."

પ્રવાસમાં પૂ. માનું સાન્નિધ્ય સહુ ભક્તોને મળે એટલે પાંસઠ ઉપરાંત સાધક ભાઈ બહેનોએ પોતાનાં નામ લખાવ્યાં. કેવું કહેવાય!

હું ને મારાં પત્ની મૂંઝવણ અનુભવી રહ્યાં અમારૂં ઘર છેલ્લાં બે વર્ષથી બંધ જેવું હતું. એટલે ત્યાં આવનાર સાધક ભાઈ બહેનોનું સ્વાગત પણ અમે કેવી રીતે કરી શકવાનાં! સાથે એ આનંદ પણ હતો કે પૂ. મા તો કોઈકવાર કૃપા કરીને આવે, પરંતુ આટલા બધા ભક્તો કયારે આપણે ત્યાં આવવાના!"

પૂ. મા સમક્ષ અમારી મૂંઝવણ રજુ કરી. પૂ. માએ રસ્તો બતાવ્યો. આપણે સત્સંગ માટે જઈએ છીએ એટલે પ્રસાદ રાખજો બીજી કોઇ ધમાલની આવશ્યકતા નથી. પૂ. માની એ વાત અમે સ્વીકારી. અંબાજીથી પ્રસાદ લઇ લીધો.

અંબાજીથી દસેક વાગે અમારી છએ જીપોનો કાફલો ચાલ્યો. દરેક જીપમાં સત્સંગ ચાલતો કયાંક ભજન ગવાતાં તો કયાંક ધૂન. પૂ. મા પણ આજે પ્રસન્ન લાગતાં હતાં. તેઓએ પણ મા જગદંબાનું પેલું સુંદરભજન ઉપાડયું.

"તરછોડીને જાશો મા,
અમે તમારે પાલવ વળગ્યાં."

એમની જીપમાં બેઠેલા સાધકો એ ભજનેને તાલબધ્ધ રીતે ઝીલતા. અંબાજી ઊંચાઈ ઉપર આવેલું છે ને ખેડબ્રહ્મા જતાં રસ્તાના ઢોળાવો આવે છે. ઝડપથી દોડતી જીપમાંથી સુખરિત થતા ભજનના એ શબ્દો પાસેના ડુંગરોની હારમાળામાં ધ્વનિત



થઈને દૂરસુદૂર સુધી ફેલાઇ જતા. ખરૂં પૂછો તો આષાઢ માસ એટલે વર્ષાનો પ્રારંભ. પરંતુ અષાઢી પૂર્ણિમા થઇ ગઇ છતાં વરસાદનાં ચિહ્નો ન હતાં. વાદળો થતાં, પણ વિખરાઇ જતાં એટલે ગરમી લાગતી. પરંતુ આજે ભગવાન્ સૂર્યનારાયણ કૃપા કરીને વાદળોની પાછળ છૂપાઇ ગયા. એથી વાતાવરણ થોડું ઠંડુ થયું.

સવા અગિયાર વાગે ખેડબ્રહ્મા પહોંચ્યા. ત્યાના સેવાભાવી મેનેજરશ્રી ભાઈશંકરભાઈ અને તેમનાં ભગવતી સ્વરૂપ ધર્મ-પત્નીએ ખૂબ પ્રેમપૂર્વક સર્વે મંડળીનું સ્વાગત કર્યું. પૂ. માને મંદિરના છેક ગર્ભદ્વારમાં લઈ જઇ, મા જગદંબાનું પૂજન કરાવ્યું. બહાર આવી પૂ. માએ વડીલ શ્રી ભાઇશંકરભાઇને વંદન કર્યા. પૂ. માને અલૌકિક અનુભવ થયો. પ્રકાશના અત્યંત તેજસ્વી પૂંજનું એમને દર્શન થયું. પૂ. મા ઘડીભર દેહભાન ભૂલી ગયાં.

આ તેજપૂંજના દર્શનની વાત કરતાં પાછળથી પૂ.માએ જણાવ્યું. "પ્રભુનું નિરાકાર પ્રકાશમય દર્શન ખરેખર અદ્દભુત હોય છે. દર્શન વખતે આસપાસ બધે-પ્રકાશ-પ્રકાશ પથરાઇ જાય છે. આ વખતે તે દર્શન અગાઉના દર્શનો કરતાં ઘણા વધુ સમય રહ્યું. પછી બધોજ પ્રકાશ અમારા શરીરમાં ધીરેથી સમાઇ ગયો."

પૂ. માએ તે પછી સમૂહમાં દુર્ગાસપ્તશતીના ત્રણ અધ્યાયોનું સમૂહગાન કરાવ્યું. સાચી ધાર્મિકતા શું કહેવાય તેની સમજ આપતું ટૂંકું પ્રવચન શ્રી ભાઈશંકરભાઇએ કર્યું.

માતાજીના ભંડારામાં બધાંએ શાન્તિથી ભોજન કરી બ્રહ્મપુરી તરફ પ્રયાણ કર્યું તે દિવસે ઇડરમાં તોફાન હોવાથી

કરફ્યુ હતો. પરંતુ અમારે બારોબાર જવાનું હોવાથી, અમને કોઈ મુશ્કેલી નડી નહિ.

બ્રહ્મપુરી નાનું ગામડું. તેમાં બ્રાહ્મણોની વસ્તી વિશેષ એટલે બ્રહ્મપુરી કહેવાયું. પરંતુ બ્રાહ્મણ જ્ઞાતિના ૯૦ ટકા માણસો પરદેશ વસે–ખાસ કરી મુંબઈ. એટલે હાલ વસ્તી બહુ થોડી છતાં જે જે ભાવિક લોકોએ પૂ.માના આગમન વિષે જાણ્યું તે સહુ ભેગાં થઈ ગયાં. પૂ. માએ ભજન ગાયું ને શ્રીકલોલાભાઇએ સુંદર ધૂન ગવડાવી. અમારૂં આંગણું પાવન કર્યું.

પૂ.મા બ્રહ્મપુરી આવ્યા તેનું રહસ્ય તો અમને પછી સમજાયું. થોડા મહિનાઓ પહેલાં પૂ.મા વડોદરા વિરાજતાં હતાં. ત્યારે અમારાં અતિવૃદ્ધ માતાજી એમના દર્શને ગયેલાં. પ્રસંગોપાત્ એમણે પૂ.માને વિનંતી કરી કે અમારાથી તો હવે ચલાતું કે વધુ બેસાતું નથી. એટલે આપના દર્શનની ઇચ્છા થાય, છતાં આવી શકતી નથી. ત્યારે પૂ. માએ કહેલું, "ચિન્તા ન કરતાં. હવે તમારે નહિ આવવું પડે. અમે તમારી પાસે આવીશું."

અને સંતો કેવા કૃપાળુ હોય છે! પૂ. માએ પોતાનું વચન પાળ્યું એટલુંજ નહિ, પરંતુ અમારાં વૃદ્ધ માતાજીને ત્યાં આટલા બધા ભકતો સાથે આવી, સત્સંગ કરાવી એમને કૃતાર્થ કરી દીધાં! અમારાં માતાજી માટે એ અનહદ આનંદનો દિવસ બની ગયો.

અમારે ત્યાંની પૂ. મા અને ભકતોની યાત્રા સુખદ ને સફળ બની તેમાં પૂ. શ્રી ને પૂ. માની ભક્ત એવી અમારી ભત્રીજી પ્રેરણા તેમજ અમારાં બેનનો મુખ્ય ફાળો રહ્યો. ખૂબ પરિશ્રમ



ઉઠાવી, ટૂંકા સમયમાં તેઓએ સરસ વ્યવસ્થા ગોઠવી. પ્રભુએ એમને આવા કામ માટે નિમિત્ત બનાવ્યાં.

સંતોને મન ઊચ–નીચ કે ગરીબ તવંગરના ભેદ નથી હોતા. પૂ. માએ ખેડબ્રહ્મામાં કામ કરતી જીવીબેન પ્રજાપતિના ઘરે સામે ચાલીને જઇ, એને કૃતાર્થ કરી. જીવીબેનની ભાવભક્તિથી પ્રસન્ન થઇ, પૂ. માએ આવી અકલ્પ્ય કૃપા વરસાવી. "કોઈનો ભાર ન રાખે મુરારિ, આપે વ્યાજ સાથે સહુ વાળી." એ ભજનની ઉક્તિ પૂ. માએ સાચી ઠેરવી.

પ.પૂ. મહાત્માજીના સહાધ્યાયી અને અમારા સગા શ્રી વિશ્વનાથભાઈનું ઘર પણ વચ્ચે આવે. પૂ. માને થયું "ચાલોને વિષુભાઈ નથી, પરંતુ એમનું ઘર તો છે. આપણે ત્યાં જઇ બેસી સત્સંગ કરીએ. અને એ બંધ ઘરના પ્રાંગણમાં ધૂળ આચ્છાદિત ચોપાડમાં બેસી પૂ.માએ ખૂબ ભાવથી ધૂન ગવડાવી. શ્રી કલોલાભાઈ ને વિજયભાઇ તો ભાવવિભોર બની નાચીને સંકીર્તન કરવા લાગ્યા. એ દૃશ્ય ભાવિકો માટે અનુપમ હતું. સદાય માટેનું એ મંગલ સ્મરણ બની ગયું.

પાછળથી વાતચીતમાં પૂ. માએ કહ્યું "વિષુભાઇ જેવા સત્સંગી ને પૂ. શ્રીના પ્રેમીના આંગણાની ધૂળ પણ પવિત્રજ હોય. આપણું એવું ભાગ્ય કયાંથી! કેવો સરસભાવ!

પૂ. શ્રી પ્રત્યે વર્ષોથી ખૂબ ભાવભક્તિ રાખતા શ્રી હરગોવિંદભાઈ જાનીના ઘરે પણ પૂ. મા સામે ચાલીને ગયાં. સામાન્ય રીતે પૂ. મા કોઇને ત્યાં પધરામણી માટે જતાં નથી. છતાં એમણે તેઓનો ભાવ જોઈ, એમના ઘરને પુનિત કર્યું.

તે દિવસે પૂ. મા ખૂબ પ્રસન્ન હતાં. સામે ચાલીને ભકતોને કૃતાર્થ કરવા ન નીકળ્યાં હોય! એવુંજ ભકતોને લાગ્યું. એવા

મંગલ દિવસો તો કોઇકજ આવેને !

બે દિવસ પછી અમો અમારા ઘરે બ્રહ્મપુરી ગયા. તો મારા પત્નીએ ઘર વાળીને સાફ કરી, એની ધૂળ એક ડબીમાં ભરી. મને તે જોઈ નવાઈ લાગી. તો એમણે કહ્યું : પૂ. માનાં ચરણો સાથે આમાં ભકતોની ચરણરજ પણ ભળેલી છે. એવું આપણું ભાગ્ય કયાંથી !" છેવટે કોઈપણ ક્રિયા કે પદાર્થનું મહત્વ ને મૂલ્ય ભાવનાથીજ વધે છે ને ! પરંતુ બધા લોકોને આવાત કયાંથી સમજાય !

નીચે ગબડી પડવામાં નિષ્ફળતા નથી; ગબડ્યા પછી ત્યાં પડ્યા રહેવામાં છે.

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-


કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

ઢેબર રોડ, રાજકોટ-૨



# ચક્રાસન

મણિભાઈ શાહ




ચક્રાસન

કરોડના વિકાસ માટે યોગે પોતાનું ધ્યાન સારૂં એવું કેન્દ્રિત કર્યું છે. યોગ એટલે કરોડની કેળવણી એમ કહીએ તોય ચાલે. મનુષ્યના આરોગ્યનો મોટો આધાર કરોડની સ્થિતિસ્થાપકતા ઉપર છે. કરોડની સ્થિતિ-સ્થાપકતા એટલે બધી બાજુએથી વળવાની કરોડની શક્તિ. એ કેળવવા માટે કરોડને આગળ વાળવા માટે પશ્ચિમોત્તાસન, પાછળ વાળવા માટે ભૂજંગાસન–ધનુરાસન, બાજુપર વાળવા ચક્રાસન અને કરોડને વળ દેવા માટે મત્સ્યેન્દ્રાસન વગેરેની શોધ થઇ છે એટલુંજ નહીં પણ કરોડની ગર્દનના અંકોડાથી માંડીને કરોડની પૂંછડી સુધીના અંકોડા માટે વિશેષ આસન, મુદ્રા અને ક્રિયાની શોધ થઇ છે.

સામાન્ય રીતે આપણે આગળ પાછળ કરોડને વાળીએ

છીએ પણ બાજુપર કરોડને વાળતા નથી તેથી કરોડની પડખેના સ્નાયુઓ અવાવરૂ પડયા રહે છે અને તેથી કરોડ અક્કડ થઇ જાય છે. જેની કરોડ સ્થિતિસ્થાપક ન હોય તેમનાથી હડદાની, ઉંચેથી કુદકાની કે પછડાટની ઝીક ઝીલી શકાતી નથી અને તેથી તેવે વખતે કરોડમાં દુઃખાવો કે નુકશાન થવાનો સંભવ છે. યોગના બીજા આસનોની જેમ ચક્રાસન કરોડને બળકદાર, વળાકદાર કરે છે અને ઇજામાંથી બચવાની બાંહેધરી આપે છે.

ખરૂં જોતા ઘાણીના થાળામાં જ્યાંથી ઘાણીનો થંભ ફરવાની શરૂઆત કરે અને ફરીને મૂળ સ્થાને પાછો આવે ત્યારે એક ચક્કર પૂરૂં થયું ગણાય. ચક્રાસનમાં પણ કરોડ (મેરૂદંડ) શ્રોણિફલક (નિતંબના હાડકાના બે થાપા પર) આખું ચક્કર ફરે ત્યારે એક ચક્કર પૂરૂં થાય. પણ ચક્રાસનમાં તો કરોડને એક બાજુ પર જ વાળવાની હોય છે એટલે પૈડાની એક બાજુની જેવી ગોળાકારતા થાય છે તેની ઉપરથી આનું નામ ચક્રાસન પડયું હોય એમ લાગે છે. પરંતુ યોગના બીજા આસનોની સાથે આને સંયોજવામાં આવે તો કરોડના શકય બધા વળાંકો આવી જાય અને કરોડની કેળવણી પૂરી થાય.

**ચક્રાસનની રીત**

૧. સીધા ઉભા રહો. પગ બંને જોડાજોડ અને બંને હાથ સાથળ પાસે સીધા લટકતા રાખો.

૨. હવે જમણો હાથ ઊંચો કરો જુઓ ચિત્ર નં. ૧

૩. ઉંચો કરેલો હાથ જેટલી ઉંચાઇએ પહોંચે તેના કરતા થોડી વધુ ઉંચાઇએ લંબાવો અર્થાત્ ઉંચા કરેલા હાથને આકાશ તરફ ખેંચો.

૪. ધીરે ધીરે ડાબીતરફ શરીરને વાળો. પહેલાં માથુ, પછી ધડ અને છેવટે કમર સુધી વળો. ઉંચો હાથ પણ



ડાબી તરફ વળે પણ હાથ કોણીમાંથી વાળવાનો નથી તેમજ પગના પંજા પણ ઉંચા કરવાના નથી. જમણા પડખેની પેશીઓ ખેંચાય અને તે તરફ એક પ્રકારનું તાણ થવું જોઇએ. સહેલાઇથી શકય બને તેટલો વળાંક લેવો.

૫. સાથે સાથે ડાબી બાજુ તરફના હાથને જેમ જેમ શરીર વળે તેમ તેમ ગોઠણથી નીચે જમીન તરફ ખેંચવો–જાણે કે જમીનને અડવા પ્રયત્ન કરીએ છીએ તેમ. જુઓ ચિત્ર નં. ૨

૬. કમરનો પૂરો વળાંક વળ્યા પછી ૪-૫ શ્વાસપ્રશ્વાસ લેવા અને ધીરે ધીરે મૂળ સ્થિતિમાં આવી જવું.

આટલું કરીએ ત્યારે અર્ધું ચક્રાસન થયું. હવે એવીજ રીતે જમણી બાજુએથી કરવું એટલે ચક્રાસન પૂરૂં.

**ચક્રાસન પ્રકાર બીજો**

(૧) પગ બારથી ચૌદ ઇંચ પહોળા રાખી ઉભા રહો.

(૨) આમાં બંને હાથ ખભાની સમાંતર બંને બાજુએ લંબાવેલા રાખો.

(૩) પછી વારાફરતી બંને બાજુ કરોડને વાળવાની છે ખ્યાલ ફક્ત એટલો રાખવાનો કે બંને હાથ એક સીધી લીટીમાંજ રહેવા જોઇએ. જુઓ ચિત્ર નં. ૩

**ફાયદા**

(૧) શરીરની પડખેની પેશીઓ સબળ અને કાર્યક્ષમ બને છે.

(૨) કરોડના જ્ઞાનતંતુઓ પણ સક્ષમ બને.

(૩) ફેફસાની શ્વસન શક્તિ વધે.

(૪) બાજુપર વળી ગયેલી કરોડની ખામીમાં ઉપાય તરીકે પણ યોજી શકાય.

સૂચના:–કરોડના કોઇપણ પ્રકારના દુઃખાવામાં યોગવિદ્‌ની સલાહ લેવી.

## દર્શન ફળે

ગુરુ યોગેશ્વરનાં દર્શન ફળે !
દિવાળીના દિન આવ્યા
મારે રોમે રોમે દીવા બળે !
ગુરુ યોગેશ્વરનાં દર્શન ફળે ! —ટેક

ધનતેરસનું પૂજન સાચું
કાળીચૌદસ ઝળહળે !
જન્માંતરના મેલ ધોનારા
પ્રકાશનાં પૂર ફરી વળે ! —૧

ઘંટનાદ ને આરતી ગુંજે
હૃદય તલમાં હર પળે !
તરવરતાં શમણાં નયનોમાં
સરજે તીરથ સઘળે ! —૨

વંધ્યાને થાય પુત્ર અચાનક,
નિર્ધનને ખજાનો મળે !
એથી અદકો આનંદ કેરો
સાગર ભીતર ઉછળે ! —૩

—ઈશ્વરભાઈ ભક્ત



[પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા]

# પ્રકાશના પંથે

સંક્ષેપ : પરમાર્થી

## આલંદીમાં કૃપા અને રામદાસનો પરિચય

એક દિવસે બપોરે નેપાલીબાબાની ફરી મુલાકાત થઈ. તેમને અમારા પર પ્રેમ થઇ ગયો હતો. તેમણે કહ્યું, "આજે લામા ગુરુ આવ્યા હતા. તેમણે કહ્યું છે કે આજે રાતે બે વાગે તે તમને બંનેને દર્શન આપશે." મને થયું કે નેપાલી-બાબા ને તેમના ગુરુની સત્યાસત્યતાને પારખાવાનો આ સારો અવસર છે. તેમના કહ્યા પ્રમાણે આજે લામાગુરુનું દર્શન ના થાય તો તેમના શબ્દો મિથ્યા થાય. મેં જોશીજીને કહ્યું કે આજે રાતે આપણે જાગવું જ નથી. વહેલા સૂઇને મોડે સુધી ઊઠવું જ નથી. કોઈ જગાડે તો પણ ના ઊઠશો. જુઓ, લામાગુરુ કેવી રીતે દર્શન આપે છે.

પણ સિદ્ધપુરુષોના સામર્થ્યનું શું પૂછવું ? મારી શંકા-શીલવૃત્તિને લીધે મને તો તે દિવસે સ્પષ્ટ દર્શન ના થયું. પરંતુ જોશીજીએ સવારે કહ્યું બરાબર રાતે બે વાગે મારી આંખ ઊઘડી ગઇ ને લામા ગુરુનાં દર્શન થયાં. તેમણે તમારી તરફ આંગળી કરીને કહ્યું કે "આ શું કામ બધે ફરે છે ? એમનો પૂર્ણતાનો વખત આવી ગયો છે. હવે એમણે ક્યાંય જવાની જરૂર નથી. હવે એ દેવપ્રયાગ જાય ને ત્યાંજ રહે એમ કહેજો. મને કહ્યું કે તમારે હજી વાર છે. પણ નિરાશ થયા વિના તમે સાધન-ભજન કર્યા કરો."

તે પછી શ્રાવણ સુદી બારસને દિવસે મૌનવ્રત રાખીને હું બેઠો હતો, ત્યારે એકાએક મારું દેહભાન વિલાઇ ગયું ને

મને લામા ગુરુનાં દર્શન થયાં. લામાગુરુ ખૂબ જ ઊંચા હતા. તેમને લાંબી દાઢી હતી ને તેમણે કાળો પગની પાની લગીનો ઝભ્ભો પહેર્યો હતો. એ દર્શનથી મને આનંદ થયો.

સીમલામાં હવે વિશેષ રહેવાનું કારણ ન હતું તેથી અમે ધરમપુર જવાનો દિવસ પણ નક્કી કર્યો. નેપાલી બાબાને ખબર આપી. તેમણે કહ્યું કે હું સ્ટેશને આવીશ.

બપોરે અમે બધા તૈયારી કરતા બેઠા. એકાએક મને વિચાર આવ્યો. નેપાલીબાબા સીમલામાં રહે છે તો તેમનું સ્થાન જોવું જોઇએ. જોશીજીને મારો વિચાર ગમી ગયો. તે જ દિવસે અમે બપોરે નેપાલીબાબાને ત્યાં જવા ઉપડ્યા. રસ્તામાં વરસાદ પડ્યો. અમે જરા ભીંજાયા. લાંબા પ્રવાસ પછી અમે બાબાના સ્થાન પાસે આવી પહોંચ્યા. પણ આ શું ? બાબા તો માર્ગ પરજ વરસાદમાં ભીંજાતા ઊભા છે ! અમે કહ્યું, "અરે, તમે આવી રીતે વરસાદમાં ?"

નેપાલીબાબા બોલ્યા, "હું તમારું સ્વાગત કરવા ઊભો છું. તમે મારે માટે ઠેઠ આટલે આવ્યા તો હું બહાર રસ્તે પણ ના આવું ? આજે બપોરે બે વાગે તમે અહીં આવવાની વાતો કરતાં બેઠા હતા. તે હું અહીંથી સાંભળતો'તો. એટલે મેં જાણી લીધું કે તમે આજે જવાના નથી અને અહીં આવવાના છો ?"

વાત સાચી હતી. નેપાલી બાબાની અદ્દભુત શક્તિનો એ દ્વારા એક વધારે પુરાવો મળ્યો.

નેપાલીબાબાની ઓરડી નાની, જીર્ણ જેવી હતી. આજુબાજુ ઉત્તુંગ પર્વતો હતા. એ સ્થળમાં આવા મહાન પુરુષ રહેતા હશે એવી કલ્પના પણ આવવી મુશ્કેલ છે. ત્યાં જઇને



અમે બહાર બેઠા. થોડીવારે પેલી નેપાલી બહેન હુકો લઈ આવી. જોશીજીએ તેનો સ્વીકાર કર્યો. મેં કેવળ પાણી માગ્યું. વિવિધ વાતો થઈ.

જોશીજીએ પૂછ્યું: "આપના અનુભવના આધારે સમાધિનો સહેલો ને સચોટ રસ્તો કયો ?"

નેપાલી બાબાએ તરત જ કહ્યું : "સુરત-બ્શદ-યોગ."

નેપાલી બાબાના એ સંક્ષિપ્ત શબ્દોમાં અનુભવી માણસોને ઘણું ઘણું જાણવાનું મળશે.

ત્યાં તો મેં પૂછ્યું. "તમે બીજી ઔષધિ તો શોધી છે પણ સમાધિ કરાવે તેવી ઔષધિ જાણો છો ?"

પેલી બેન પાસે જ હતી. તેણે તરત કહ્યું, "લામાગુરુએ મને તમને બતાવીને કહ્યું છે કે આ એક મહાન આત્મા છે. તેમને તમે સારી રીતે સત્કારજો ને ઔષધિ તથા ફોટો આપજો." તે નેપાલી બાબાના કહ્યા પ્રમાણે સમાધિ માટેની ઔષધિ લેવા ચાલી ગઇ.

બેન ઔષધિ લાવી. ઔષધિ થોડી હતી. તેનો પ્રયોગ કેમ કરવો તે મને બાબાએ સમજાવ્યું. સાથે કહ્યું કે જોશીજીને આ ઔષધિ ના આપશો તેમને હજી વાર છે. લામા ગુરુએ ફક્ત તમારે જ માટે આજ્ઞા કરી છે.

આના અનુસંધાનમાં કહી દઉં કે દહેરાદુન આવીને મેં ઔષધિનો પ્રયોગ કર્યો. જોશીજીને પણ તે આપી. પણ જોશીજીને કૈં થયું નહિ. રાતે દસ વાગે ઔષધિ લઇને હું ધ્યાનમાં બેઠો. થોડી જ વારમાં ભાન જતું રહ્યું. ખૂબ જ આનંદ થઈ રહ્યો. સવારે નવ વાગે ભાન આવ્યું. જોશીજી

કહે, "હું તો બે ત્રણ વાર આવી ગયો તમારા મુખ પર તેજ ઝળકતું હતું."

સાંજે નેપાલી બાબા અમને મૂકવા આવ્યા. એ અમારી છેલ્લી મુલાકાત હતી. તે જ રાતે અમે સીમલા છોડયું. તે બાદ બાબા મળ્યા નથી. બે વરસ પછી તેમને લખેલો પત્ર "નેપાળીબાબા મરી ગયા છે" એવા ડેડલેટર ઓફિસના શેરા સાથે પાછો આવેલો. જે હો તે પણ એક મહાન સિધ્ધ-પુરુષ તરીકે મારા દિલમાં તેમના પ્રત્યે અપૂર્વ માન છે. ભારત ને સૃષ્ટિના એક સન્માનીય મહાપુરુષ તરીકે તેમનું સ્થાન કાયમ રહેશે!

ફરતા ફરતા અમે જોશીજીના નિવાસસ્થાન દહેરાદુનમાં આવી પહોંચ્યા. જે માણસો ગૃહસ્થાશ્રમમાં રહીને આત્મદર્શન કરવા માંગે છે તેમને જોશીજીના જીવનમાંથી ઘણું ઘણું શીખવાનું મળશે.

દહેરાદુનમાં મને લાંબા વખત સુધી રાખવાની જોશીજી-ની ઇચ્છા હતી. પણ મારું દિલ દેવપ્રયાગ જવા ઉત્સુક હતું. દેવપ્રયાગ આવીને મેં પાછું મૌન વ્રત લઈ લીધું. રાતદિવસ આત્મનિમગ્નદશામાં રહીને જગદંબાને દર્શન દેવા માટે પ્રાર્થના કરવા લાગ્યો. એવી રીતે ચારપાંચ માસ વીતી ગયા.

એક દિવસ શિયાળામાં ગુજરાતયાત્રા માટે મેં પ્રસ્થાન કર્યું.

ગુજરાતની યાત્રા એ વખતે અનેક રીતે યાદગાર બની ગઈ. પ્રભુની કૃપાથી તે દિવસોમાં મહાપુરુષ શ્રી જ્ઞાનેશ્વર મહારાજના પવિત્ર લીલાસ્થાન આલંદીમાં જવાનો અવસર પ્રાપ્ત થયો. આલંદીની યાત્રા મારે માટે અત્યંત આનંદ-જનક અને ઉપકારક થઈ પડી. એ યાત્રામાં મારી સાથે



મુંબઈથી પાંચ છ ભાઈઓ ને પૂનાથી બીજા બે ભાઈ સામેલ થયા. બધા જ ભાઈઓ જિજ્ઞાસુ ને ઉત્સાહી હતા એટલે ખૂબ જ આનંદ આવે એ સ્વાભાવિક હતું.

આલંદી ગામ નાનું છતાં સુઘડ, સુંદર ને વ્યવસ્થિત છે. જ્ઞાનેશ્વર મહારાજના સમાધિ મંદિરને લીધે તેની ખ્યાતિ વિશેષ છે. મંદિર ખૂબ જ સુંદર, સ્વચ્છ ને વિશાળ છે. તેની પાછળ નાનકડી છતાં રળિયામણી નદી છે. પૂનાથી મોટર માર્ગે વીસેક માઈલ હોવાથી માણસો એ પવિત્ર સ્થળ-ની મુલાકાત બહુ સારી સંખ્યામાં લેતા દેખાય છે.

મંદિરમાં પહોંચીને અમે સમાધિના દર્શનનો લાભ લીધો. સમાધિ મંદિરના અંદરના ભાગમાં પ્રવેશ કર્યો કે તરત જ મંદિરના પૂજારીએ સમાધિ સ્થાન પરથી લઈને મારા કંઠમાં એક હાર પહેરાવી દીધો. એ અચાનક થયેલા પ્રેમ દર્શનથી મને જરા આનંદ થયો. જ્ઞાનેશ્વર મહારાજે પોતે જ પુજારીને પ્રેરણા કરીને મારા સરખા એક સાધારણ પ્રેમી પુરુષનો એવી રીતે સત્કાર કર્યો એમ મને લાગ્યું.

સમાધિના દર્શન પછી અમે મંદિરની ચારે તરફ ફરી વળ્યા. પરંતુ મારી દૃષ્ટિ કોઈક બીજી જ વસ્તુની શોધ કરી રહી હતી. ઈ. સ. ૧૯૪૪માં મેં ઉત્તરકાશીમાં શ્રી જ્ઞાનેશ્વર મહારાજને સમાધિની દશામાં જોયા હતા. તે વખતે તે એક ચોતરા પર કોઈ વૃક્ષની નીચે બેઠેલા હતા. તેવું કોઇ સ્થાન અહીં હશે એવી મારી કલ્પના હતી ને તેથી તે સ્થાનને જોવાની મારી ખૂબ ઇચ્છા હતી. પરંતુ તે સ્થાન મને દેખાયું નહિ. એટલે મને જરા નિરાશા થઇ. નિરાશાની એ લાગણી-નો અનુભવ કરતો હું મંદિરના દરવાજા તરફ જતો હતો

ત્યાં જ મને એક અપરિચિત પુરુષનો મેળાપ થયો. તેમણે મને સીધો જ પ્રશ્ન કર્યો : "તમે બધું જોઇ લીધું ? કદાચ બધું જોયું હશે, પણ એક સ્થળ નહિ જોયું હોય તે ખાસ જોવા જેવું છે. ચાલો બતાવું."

અમે એમની પાછળ પાછળ ચાલ્યા. મંદિરના પાછળના ભાગમાં પગથિયાં જેવું હતું. તેના પર ચઢીને અમે ઉપર પહોંચ્યા. તે ભાઇ તરત જ બોલી ઊઠ્યા : "જુઓ, આ સ્થાન તમે નહિ જ જોયું હોય. ઘણા નથી જોતાં. તમે શાંતિથી જુઓ. હવે મારે કામે વિદાય થાઉં છું"

અને એ અજાણ્યા ભાઈ વિદાય થઇ ગયા. એ સ્થાનને જોઈને મારા આશ્ચર્ય અને આનંદ બંનેનું ઠેકાણું રહ્યું નહિ. ઉત્તરકાશીમાં મેં જે સ્થાન જોયું હતું ને જેને જોવાની મારી ઝંખના હતી તેજ સ્થાન ! ફેર માત્ર એટલો કે ત્યાં જ્ઞાનેશ્વર મહારાજ બેઠેલા ન હતા.

મને થયું કે આવા સુંદર સ્થાનમાં જ્ઞાનેશ્વર મહારાજનું કીર્તન કરીએ તો ખૂબ જ આનંદ આવે. ખૂબ જ પ્રેમથી, ઊભા ઊભા ને નૃત્ય કરતાં અમે કીર્તન શરૂ કર્યું :

નિવૃત્તિ જ્ઞાનદેવ સોપાન મુક્તાબાઈ
એકનાથ નામદેવ તુકારામ !
તુકારામ તુકારામ !

છેલ્લે એકલા જ્ઞાનદેવના ધ્વનિની ધૂનમાં અમે તલ્લીન બની ગયા.

મારા હાથમાં કરતાલ હતી. આંખ બંધ હતી. પગ પોતાનું કામ કર્યે જતા. હૃદય શ્રી જ્ઞાનેશ્વરને મળવા માટે ઉછળી રહ્યું હતું. તે જ વખતે એક વૃદ્ધ પુરુષ પ્રગટ થયા.



તે ક્યાંથી આવ્યા તેની વધારે ભાગના માણસોને ખબર પડી નહિ. માતાજી કહે છે કે તે મંદિરની બહારના ભાગમાંથી આવ્યા હતા. એ આશ્ચર્યજનક વૃદ્ધ પુરુષે મંડળીની અંદર પ્રવેશ કર્યો ને નાચતાં નાચતાં ધૂન બોલવાની શરૂઆત કરી. જેમ મારો પગ પડે, તેમ તેમનો પણ પડે. વૃદ્ધ હોવા છતાં તેમના શરીરમાં અજબ સ્ફૂર્તિ ભરી હતી. તેમનું શરીર દડાની જેમ ઉછળતું હતું. એ ધૂન કેટલાય વખત સુધી ચાલું રહી. છેવટે મારું શરીર નીચે પડી ગયું. લોકોનું ટોળું ત્યાં જમા થઇ ગયું. બે ત્રણ ભાઇઓ પેલા વૃદ્ધ પુરુષને શોધવા માંડ્યા. પરંતુ પેલા વૃદ્ધ પુરુષ ત્યાં ન હતા. તેમણે બધે શોધખોળ કરવા માંડી. મંદિરમાં, મંદિરની બહાર, બધે જોયું પણ ક્યાંય તેમનો પત્તો ના લાગ્યો. તપાસ કરનારા નિરાશ થયા. કેટલાક ભાઇઓને ખાતરી થઇ કે સંત જ્ઞાનેશ્વર પોતેજ અમારા લગીર જેટલા પ્રેમભાવથી પ્રસન્ન થઇને એ વૃદ્ધ પુરુષના સ્વરૂપમાં અમને દર્શન આપવા અજ્ઞાત રીતે આવ્યા હતા. તે રાતે શ્રી જ્ઞાનેશ્વર મહારાજે મને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું : "આ વખતે તમને દર્શન નથી આપ્યું પણ હવે બીજી વાર આવશો ત્યારે જરૂર આપીશ."

બે વરસ પછી બીજી વાર આલંદી જવાનું થયું. ત્યારે મારી સાથે મુંબઈથી દસ પંદર ભાઇઓ આવ્યા હતા. તેમના મનમાં એમ હતું કે આ વખતે પણ પેલા વૃદ્ધપુરુષ કે તેવા જ કોઇક ચમત્કારિક પુરુષ આવશે તો તેમને જવા જ નહિ દઇએ. તેમનો ધરાઈ ધરાઇને લાભ લઇશું. ને કૃતાર્થ થઇશું. પણ પ્રભુની લીલાની ખબર કોને પડે છે ? માણસ ધારે છે કાંઈ ને પ્રભુ કરે છે પણ કાંઇ.

મંદિરમાં બેસીને મેં શ્રી જ્ઞાનેશ્વર મહારાજને પ્રાર્થના

કરી કે હે પ્રભુ ! આ વખતે તો તમારે મારી સામે પ્રગટવું જ જોઈએ. હું તમારે દ્વારે આવ્યો છું. તમારો અતિથિ છું. મારો સત્કાર કરવાની તમારી ફરજ છે.

રાત જેમ જેમ વીતતી ગઈ તેમ તેમ મારી પ્રાર્થના ને આતુરતા વધતી ગઈ. રાતના બે પછી અચાનક મને લયની દશાની પ્રાપ્તિ થઈ. તે દશામાં શ્રીજ્ઞાનેશ્વર ને નિવૃત્તિનાથ મારી સામે પ્રગટ થયા. બંને મહાપુરુષો ખૂબ જ સુંદર ને તેજલ હતા. તેમણે સુમધુર સ્મિત કરીને મને હાથમાં ફૂલ આપ્યાં અને આશીર્વાદ પ્રદાન કર્યો.

બીજી પણ કેટલીક વાતો કરીને એ અદૃશ્ય થયા.

બીજે દિવસે મારી સાથેના ભાઈઓને મેં બધી વાત કરી તો તે આનંદ પામ્યા. અમે આલંદીની વિદાય લીધી.

સંતશિરોમણિ પરમ સમર્થ મહાત્મા શ્રેષ્ઠ શ્રી જ્ઞાનેશ્વર મહારાજના અલૌકિક અનુગ્રહપૂર્ણ અનુભવના આહ્લાદને અંતરમાં ભરીને મારે ફરીવાર દેવપ્રયાગના પુરાણપ્રસિધ્ધ પાવન પ્રદેશમાં પ્રવેશવાનું થયું. હિમાલયનો દર્શનાનંદ કદીપણ ઓછો થાય તેમ ન હતો. શાંતાશ્રમના શાંત અને સુંદર સાધનાનુકૂળ સ્થાનમાં સ્થિર થઈને મેં સાધનાનો આરંભ કર્યો. મનને ઉત્સાહ, લગન, ધીરજ તેમજ તત્પરતાથી કાર્યસિધ્ધિની પાછળ લગાડી દીધું.

એ દરમ્યાન દેવપ્રયાગના પંડિતપ્રવર ચક્રધરજી એક સાધુપુરુષને લઈને આશ્રમમાં આવી પહોંચ્યા. એમનું નામ હતું રામદાસજી. એમણે થોડાક સમય પહેલાં જીવનના છેલ્લા દિવસોમાં દેવપ્રયાગમાં રહીને સમાધિસ્થ થનારા સિધ્ધપુરુષ બંગાળી મહાત્માની સેવા કરીને એમના આશીર્વાદ મેળવેલા.



છેલ્લા ત્રણેક વર્ષથી એમનું ચિત્ત ચંચળ હતું. ઈશ્વરકૃપાથી એમને મારી પાસે પ્રથમ મુલાકાતે જ સહેજ શાંતિ મળી એટલે એમણે મારી પાસે રહેવા માટે ઇચ્છા બતાવી. ચક્રધરજીએ એમાં પોતાનો સૂર પૂરાવ્યો. મને કોઈ મારી પાસે રહે એ પસંદ નહોતું. એકાંતિક સાધનાની અભિરુચિ અથવા પ્રીતિથી પ્રેરાઈને તો મેં હિમાલયના પર્વતીય પ્રદેશમાં પલાંઠી વાળેલી. તો પણ ચક્રધરજીએ અને રામદાસજીએ અતિશય આગ્રહ કર્યો એટલે મેં એમને બેચાર દિવસને માટે નીચેના ખંડમાં રહેવાની અનુમતિ આપી.

શાંતાશ્રમમાં એ દિવસો દરમ્યાન રહસ્યમય ઘટના બનતી. રાતે એકાદ વાગ્યાની આસપાસ ઉપરની ઓરડીમાં બંધ બારણાની ઉપર લાકડીનો અવાજ થતો. એ અવાજથી હું ચમકી જતો. એ પછી આશરે અરધા કલાક પછી મારી પાછળના બીજા બારણા પર પણ એવી રીતે જ લાકડી પડતી. શરૂઆતમાં તો લાકડીના એ અણધાર્યા અવાજને સાંભળીને મને ખૂબ જ આશ્ચર્ય થતું અને એનું રહસ્ય મારા સમજવામાં ન આવી શકતું. પરંતુ પાછળથી હું એનાથી ટેવાઇ ગયો. લાકડીનો એ અવાજ થોડા દિવસને આંતરે થયા કરતો અને એકાદ વરસ સુધી ચાલુ રહેલો. રામદાસજીને પ્રથમવાર એનો અનુભવ થયો એટલે એ વહેલીસવારે હું નીચે ઉતર્યો ત્યારે કહેવા લાગ્યા : "મહાત્માજી, તમે ગમે તેટલું સમજાવશો તો પણ હવે તો અહીં એક પણ દિવસ રહેવાની ઇચ્છા નથી. મને પૂરતો અનુભવ થઈ ચૂક્યો."

"શો અનુભવ થયો ? લાકડીનો?"

"લાકડીના અનુભવ ઉપરાંત એક બીજો અનુભવ."

એમણે મને ઓરડીની બહારના નાનકડા ચોકની જમીન

બતાવી. સામાન્ય રીતે નાના મોટા કાંકરાવાળી રહેતી તે જમીનને કોઈએ સાફ કરેલી અને એમાં નાનું વર્તુળ કરીને પાંચ આંગળીનાં નિશાન પાડેલાં. એ આંગળી આપણા જગતમાં ના જોવા મળે એવી અતિશય મોટી હતી. એ કોની હશે અને એ આકૃતિ કોણે પાડી હશે એ ના સમજી શકાયું. પ્રથમ દૃષ્ટિએ જ એ આકૃતિ અમાનવીય લાગી.

રામદાસજીને સમજાવવાનો કોઈ વિકલ્પ ના રહ્યો. એમની ધીરજ ખૂટી ગઈ. એ નીચે ઉતરતાં કહેવા માંડ્યા : "આ સ્થળમાં કોઈક ભૂતપ્રેત કે સિદ્ધપુરુષનો વાસ લાગે છે. તમે ભલે રહેતા હો પરંતુ અમારાથી ના રહેવાય. અમે તો ભડકીને મરી જઈએ કે માંદા પડીએ."

મેં સ્મિત કરીને કહ્યું : "સેવા નથી કરવી ?"

"સેવા અહીં રહીને નહિ, નીચે રહીને કરીશ. ગામમાં રહીને."

એ પછી એ આશ્રમમાં એક પણ દિવસ ના રહ્યા.

એ વરસે દશરથાચલ પર્વત પર પણ જવાનું થયું, પરંતુ રામદાસજીની ચંચળતા અથવા અસ્થિરતાને લીધે ત્યાં પણ લાંબુ ન રહેવાયું.

રામદાસજીના મનનું બંધારણ જરાક વિચિત્ર હતું. તે ખૂબજ શ્રદ્ધાભક્તિ સંપન્ન અને સેવાભાવી હોવા છતાં કોઈ વાર એમનું મગજ જુદું જ રૂપ ધારણ કરતું. અમે દશરથાચલ પર્વત પરથી પાછા ફરી રહેલા ત્યારે એમણે સામાનનો કોથળો ઉપાડેલો. થોડુંક ચાલ્યા પછી એમના મનમાં કોણ જાણે કેવા તર્કતરંગો પેદા થયા કે માથા પરના એ કોથળાને એમણે એકાએક પર્વતની ખીણમાં નાખી દીધો. ને પોતે જમીન પર બેસી ગયા. એમના એ વિચિત્ર વર્તનનો મેં



ખુલાસો માંગ્યો તો એમણે સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું. "તમે નાખી દેવાની પ્રેરણા કરી એથી મેં કોથળાને નાખી દીધો."

"મેં વળી ક્યારે પ્રેરણા કરી ? મેં તો તમને સામાનને ઉપાડીને દેવપ્રયાગ પહોંચવાની જ સૂચના કરેલી."

"એ તો એક બાજુએ તમે એવી સૂચના કરો છો અને બીજી બાજુએ મારા હૃદયમાં રહીને સામાનને નાખી દેવાનો આદેશ આપો છો. એ આદેશને મારે અનુસરવું જોઈએ."

હું વિચારમાં પડી ગયો. આ વળી કેવી જાતની પ્રેરણા અને શ્રદ્ધા ?

મેં કહ્યું : "પરંતુ હવે સામાનને બહાર તો કાઢવો પડશે ને ?"

"એ તો તમે પ્રેરણા કરશો તો કોઈક કાઢનાર પણ આવી મળશે."

રામદાસજી તદ્દન નિશ્ચિત હતા. એ એકાંત પર્વતીય પ્રદેશમાં થોડા વખત પછી બે પર્વતીય પુરુષો આવી પહોંચ્યા. એમણે એ કોથળાને ને બીજા છૂટા પડી ગયેલા સામાનને મહામહેનતે બહાર કાઢ્યો.

સાંજે અમે દેવપ્રયાગ પહોંચ્યા. તે દેવપ્રયાગમાં રઘુનાથ મંદિરની પાછળ ગુફામાં રહેતા અને ત્યાંથી મને મળવા માટે અવારનવાર આવતા રહેતા. તેમની સ્મૃતિ આજે પણ તાજી છે.

(ક્રમશઃ)

# નિષ્ઠા

નારાયણભાઈ હ. જાની

સને ૧૯૬૯ની સાલની આ ઘટના છે.

પૂ. શ્રી યોગેશ્વરજી તે વર્ષે ભાવનગરમાં અમારે ત્યાં પૂ. માતાજી સાથે પધારેલા. તે વખતે ભાવનગરમાં જાહેર પ્રવચનો હજી ગોઠવાયાં ન હતાં, પરંતુ અમારા ઘરે રાતના સત્સંગની બેઠક ગોઠવાતી. થોડા ભાવિક ભાઈઓ પૂ. શ્રી પાસે આવતા. તેઓમાં નવા આગંતુકોમાં જાણીતા કવિ અને વૈદરાજ શ્રી પ્રજારામભાઈ રાવલ અને શ્રી રામભાઈ દવે મુખ્ય હતા.

રાતની સત્સંગ બેઠક આઠ વાગે શરૂ થતી. પૂ. શ્રી તે પહેલાં પોતાની સાયંપ્રાર્થના પતાવી દેતા. તે પછી હળવા નાસ્તા જેવું લઈ બેઠકમાં પધારતા.

એક દિવસ શ્રી પ્રજારામભાઈ અને શ્રી રામભાઈ થોડા વહેલા આવ્યા. સત્સંગની બેઠક શરૂ થવાને હજી અડધા કલાકની વાર હતી. પૂ. શ્રી તે વખતે ઘરના એક બાજુના ખૂણે અગાસી હતી, ત્યાં પ્રાર્થનામાં બેઠા હતા.

પૂ. શ્રી પધારે તે પહેલાં અમે બેઠકખંડમાં વાતો કરતા બેઠા હતા. મને આ બન્ને મહાનુભાવોનો અંગત પરિચય ખાસ ન હતો, છતાં હું તેમને વ્યવસાયે જાણતો. વાતચીત દરમ્યાન મારાથી સહજરીતે પૂછાયું કે "તમે કોને ગુરુ તરીકે માનો છો ?"

શ્રી રામભાઈએ જવાબ આપ્યો "પહેલાં ઋષિકેશવાળા સ્વામી શિવાનંદજીમાં મને એવી શ્રદ્ધા હતી. પરંતુ તેઓના



બ્રહ્મલીન થયા પછી મારૂં મન તેઓમાં પહેલાં જેવી શ્રદ્ધા ધરાવતું નથી. એથી હવે શ્રી અરવિંદ અને પૂ. માતાજીમાં મને ગુરુભાવ થાય છે. એથી હું અરવિંદાશ્રમ પણ એકવાર જઈ આવ્યો છું. વળી એમણે ઉમેર્યું: "સ્વામી શિવાનંદજી પોતે હયાત હતા ત્યારે જુદી વાત હતી. હવે એવું નથી."

શ્રી પ્રજારામભાઈએ કહ્યું "હું શ્રી રામકૃષ્ણ દેવનો ઉપાસક અને ભકત છું. એમના જીવને મને ઘણી પ્રેરણા પૂરી પાડી છે. એટલે હું જે રીતે એમને સમજુ છું, તે રીતે જીવનમાં સાધના કરૂં છું."

અમારી આ વાતચીતમાં અડધો કલાક કયાં પૂરો થઈ ગયો, એની અમને ખબર સુદ્ધાં ન રહી. અમારી વાતચીત ચાલતી હતી ત્યાંજ પૂ. શ્રી બેઠક ખંડમાં પધાર્યા. અમે સહુએ ઊભા થઈ એમનું સ્વાગત કર્યું, પછી પ્રણામ કરી બેઠક લીધી.

પૂ. શ્રીએ આજે સત્સંગના અનુસંધાનમાં તેજ વર્ષે સુરતના નિવાસ દરમ્યાન બનેલ એક ઘટના વિષે વાત કરવા માંડી.

એ ઘટના આ પ્રમાણે હતી.

પૂ. શ્રી સુરતમાં એક ધર્મપ્રેમી ધનિક શેઠ શ્રી વિનાયકભાઈ જરીવાળાને ત્યાં ઉતરેલા. તે વખતે તેઓનાં પ્રવચન સનાતન હોલમાં ચાલતાં. તે દિવસો દરમ્યાન પૂ. શ્રીને મોઢામાં ગરમી થવાથી અવાળુ ફુલેલું. એથી મોઢામાં પીડા થતી અને પ્રવચનમાં બોલતાં પણ તકલીફ થતી. આથી શ્રી વિનાયકભાઈના પિતાજીએ પૂ. શ્રીને વિનંતી કરી કે "ચાલો આપણે દાંતના દાકતરને બતાવીએ. તેઓ કોઈ ઈલાજ કરશે તો

આપને રાહત થશે. મારા એક પરિચિત પારસી દાંતના જાણીતા દાક્તર છે."

પૂ. શ્રીએ હા પાડી એથી તેઓ તે દાક્તર સાહેબને ત્યાં ગયા. પૂ. શ્રી તે વખતે ખાદીનું ધોતિયું પહેરતા અને ઉપર અત્યારની જેમ ખાદીની ચાદર ઓઢતા. પૂ. શ્રીનું તેઓએ પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. પછી તેઓનો પહેરવેશ જોઇ પૂછયું કે 'આપ શું કરો છો ?'

'પ્રભુના નામનો વેપાર' પૂ. શ્રીએ સ્મિત કરતાં કહ્યું. દાક્તર સાહેબને એ સાંભળી આનંદ થયો. તેઓ જન્મે પારસી હોવા છતાં હિન્દુધર્મ પ્રત્યે એમને ખૂબ પ્રેમ હતો એટલુંજ નહિ, પરંતુ તેઓ એમના અંગતજીવનમાં હિંદુ ધર્મ પ્રમાણેનું જીવન જીવતા. હિંદુ ધર્મના સાધનાત્મક અભ્યાસનુંય સારૂં જ્ઞાન ધરાવતા.

એમના મુખ પરની પ્રસન્નતા જોઇને, પૂ. શ્રીએ પૂછયું "આપ હિંદુધર્મ પ્રત્યે શ્રદ્ધાભક્તિ ધરાવો છો, તેની વાત મને શ્રી વિનાયકભાઇના પિતાજીએ કરેલી. જીવનમાં કંઈ ન કરવા કરતાં, જેમાં પણ શ્રદ્ધા હોય તે ધર્માચરણ કરવું જરૂરી છે."

એના અનુસંધાનમાં દાક્તર સાહેબે જણાવ્યું. "હું ઘણાં વર્ષો અમેરિકામાં રહ્યો છું. ત્યાં પ. પૂ. સ્વામીશ્રી યોગાનંદજીના પરિચયમાં આવેલો. એમનેજ મારા ગુરુ માનું છું અને ક્રિયાયોગ પ્રમાણેની મેં દીક્ષા લીધેલી છે."

આ સાંભળી પૂ. શ્રીને ખૂબ આનંદ થયો. એમણે કહ્યું "તો તો તમે ધ્યાન વગેરે કરતા હશો જ."

"પહેલાં કરતો હતો, હવે નથી કરતો. સાચું કહું તો



ગુરુજીના દેહવિલય પછી મને કાંઇ ખાસ માર્ગદર્શન મળતું નથી."

પૂ. શ્રીએ કહ્યું: 'તમોને એમાં કંઇ મુશ્કેલી જણાતી હોય તો પૂછજો. અમે તે અંગે માર્ગદર્શન આપીશું.'

આટલી વાતચીત પછી પૂ.શ્રીના અવાળુનો ઈલાજ પતાવી પૂ.શ્રી પોતાના ઉતારે આવી ગયા

ત્રણેક દિવસ પછી બરાબર અગિયાર વાગે દાક્તર અને એમનાં પત્ની પૂ.શ્રીના ઉતારા ઉપર આવ્યાં. પૂ.શ્રી તે વખતે લેખન-કાર્ય કરી રહ્યા હતા. એમને દાક્તર સાહેબના આગમનની જાણ કરવામાં આવી. પૂ.શ્રીએ એમને મુલાકાત માટે અનુમતિ આપી

દાક્તર ને એમનાં પત્ની પૂ.શ્રીના બેઠકખંડમાં પ્રવેશ્યાં કે તુરતજ પૂ.શ્રીએ જણાવ્યું કે "હું આપના આગમનની રાહ જોતો હતો." સાંભળી દાક્તરને આશ્ચર્ય થયું. તેઓ બોલ્યા "અમે તો આવવાની કોઈ જાણ આગળથી આપને કરી નથી. પછી આપ અમારી રાહ કઈ રીતે જોતા હતા ?"

પૂ.શ્રીએ કહ્યું: 'તમને જાણીને આશ્ચર્ય થશે. પરંતુ અમે રોજની જેમ આજે અમારૂં લેખનકામ કરી રહ્યા હતા ત્યારે અચાનક પ.પૂ. સ્વામીશ્રી યોગાનંદજી અમારી સમક્ષ પ્રગટ થયા અને કહેવા લાગ્યા. "અમારો દાક્તર શિષ્ય હમણાંજ આપની પાસે એમનાં પત્ની સાથે આવી રહ્યો છે. મેંજ એમને આવવા પ્રેરણા કરી છે. એટલે અમારો આ સંદેશો એમને આપજો." એમ કહી તેઓએ જે સંદેશો મને લખાવ્યો છે, તે લો; એમ કહી પૂ. શ્રીએ દાક્તરના હાથમાં એ સંદેશાનો પત્ર મૂકયો. સંદેશો અંગ્રેજીમાં હતો.

સંદેશાનો સાર એ હતો કે "આ મારો શિષ્ય, અમારા દેહવિલય પછી અમારામાંની શ્રદ્ધા ને નિષ્ઠા ખોઇ બેઠો છે. એ એમ માનતો થયો છે કે જ્યારે અમે હયાત હતા, ત્યારે-જ એમને માર્ગદર્શન ને પ્રેરણા આપતા. હવે અમારામાં એવી કોઈ શકિત નથી. એની આવી ભ્રાંતિનું અમને દુઃખ છે.

સાચી વાત તો એ છે કે તેઓ હવે ધ્યાન વગેરે કરતા નથી. વહેલા ઊઠવાના સંકલ્પો કરે છે, પરંતુ તેનો અમલ કરતા નથી. અમે આ કહીએ છીએ, તે સાચું છે તેની પૂર્તિ કરવાજ એમનાં પત્નીને સાથે લાવવા અમે પ્રેરણા કરી છે."

આ સંદેશો વાંચતાંજ દાક્તરની આંખો અશ્રુબિન્દુઓથી ઉભરાઇ ગઈ! એમનાં પત્નીએ પણ એ સંદેશો વાંચી એના લખાણનું સમર્થન કર્યું. દાક્તરને શાન્તવન આપતાં પૂ. શ્રીએ કહ્યું:

"ગુરુ એ વ્યકિત નથી, પણ શકિત છે, એ વાતમાં વિશ્વાસ રાખો. ગુરુમાંની નિષ્ઠા કદી ન ગુમાવો. તેઓ ભલે પ્રત્યક્ષ ન હોય, પરંતુ પોતાના શિષ્યોની સંભાળ પ્રેમપૂર્વક લેતાજ રહે છે, એની ખાત્રી તમોને હવે આ સંદેશાથી થઇ કે નહીં.!

બન્ને ગદ્‌ગદ્ સ્વરે બોલી ઊઠ્યાં : "જરૂરથી થઇ." પોતાની ગુરુમાંની હાલી ગયેલી નિષ્ઠાને શ્રી યોગેશ્વરજીએ આ રીતે પ્રસ્થાપિત કરી આપી એ બદલ દાક્તરે એમનો આભાર માન્યો. પછી પ્રણામ કરી જવા વિદાય લીધી.

દેહવિલય પછી પણ પોતાના પ્રિય શિષ્યોનું ગુરુ કેવું મંગલ ઈચ્છતા હોય છે, તેની પ્રતીતિ દાક્તરનો આ પ્રસંગ કરાવી જાય છે. સાથે સાથે પૂ.શ્રી યોગેશ્વરજી કેવી લોકોત્તર વિભૂતિ હતા એનું દર્શન પણ આપણને થાય છે. વંદન હો પૂ. સ્વામી શ્રી યોગાનંદજીને અને પ. પૂ. શ્રી યોગેશ્વરજીને.



# મૂર્તિપૂજા

ભૂપતરાય મો. ઠાકર

જીવની યાત્રા શિવ તરફની છે. આકાર શિવની તેને સમજ છે. શિવનું-ઈશ્વરનું નિરાકાર સ્વરૂપ માનવીની સમજ-માં કે મનમાં સમાતું નથી, ઊતરતું નથી. માણસ જેને શોધે છે તેની અવ્યકત ઓળખ તેને નથી. સમગ્રતાને, અખિલાઇ ને માણી-જાણી શકતો નથી. પ્રત્યક્ષ ઓળખ વિના માણસ મુંઝાઈ જાય છે. આ અજ્ઞાનતાને દૂર કરવા પ્રત્યક્ષ દેવ કે પ્રત્યક્ષ પૂજા અનિવાર્ય છે.

'ज्ञात से अज्ञात की ओर' પ્રત્યક્ષથી પરોક્ષ તરફ જવું સરળ છે. સગુણ તરફથી નિર્ગુણની ઓળખ જરા સહેલી છે. આકાર તરફથી નિરાકાર તરફની ગતિ પણ સરળ છે. અખંડની ઓળખ મેળવવા મૂર્તિ-આરાધના પોતીકી લાગે છે. પૂજતા પૂજતા, ઓળખતા ઓળખતા આગળ વધવાની માનવીની વૃત્તિ રહેલી છે જ. માનવી જે કાંઇ જુએ છે, અનુભવે છે તેને તે સારી રીતે ઓળખે છે-આત્મસાત કરે છે. ઓળખ-ની આંગળી પકડી આગળ જવું સ્વાભાવિક છે, સરળ છે.

'અજાણ્યો ને આંધળો' સમાન છે. થોડી પણ ઓળખ, પૂર્ણ ઓળખ માટે જરૂરી છે. વ્યકિતને ઓળખ્યા પછી જેમ તેના ગુણ-દોષ-સ્વભાવ જાણવા સહેલા છે તે રીતે મૂર્તિની સેવા, મૂર્તિની ઓળખ દ્વારા અમૂર્તની જાણકારી પ્રાપ્ય બને છે. ફોટો, મૂર્તિ, પ્રતીક, ચિત્ર, યંત્ર, એ માણસના જીવન વ્યવહારમાં આવતા અંશો, પ્રતીકો, તત્ત્વો છે. જેના માધ્યમથી 'અમૂર્ત' કે 'પરમ તત્ત્વ'ને ઓળખવાં સરળ છે. પોતાની ભાવનાને તેમાં નિરૂપણ કરવા-

ની સરળતા રહે છે.

મંદિરમાં પ્રવેશતાની સાથે જ મન-અંદર પ્રવેશે છે. ધૂપ, સુગંધ, દીપ અને ધ્વનિ મનને પ્રફૂલ્લિત બનાવે છે. શાંતિ મનને નિરાંત આપે છે. શાંત-સુગંધિત-શીતળ વાતાવરણમાં મન મૂર્તિ તરફ એકાગ્ર થાય છે. આ પ્રથમ તબક્કો છે મૂર્તિ દર્શન દ્વારા આંતર દર્શનનાં ઊઘાડ થાય-અમૂર્ત-આત્મદર્શન એ રીતે સુલભ બને છે.

મૂર્તિની પૂજા-અર્ચન-આરાધન દ્વારા એક અકથ્ય ભાવ પેદા થાય છે. નિત્ય પૂજા-અર્ચનથી મૂર્તિ પ્રત્યે સદ્દભાવ બંધાવા લાગે છે. આ સદ્દભાવ ધીમે ધીમે આંતરશક્તિ સાથે સબંધિત-એકરૂપ બને છે. પોતાનું નિરૂપણ મૂર્તિમાં અને મૂર્તિનું નિરૂપણ પોતાનામાં થવા લાગે છે. આખરે અદ્વૈત રચાય છે. પોતાની જાતને, પોતાના દોષોને, પાપોને ઓગાળી દેવાય છે. અહમનું ઘન તત્ત્વ ત્યારે પ્રવાહી બની રહે છે. જીવ અને શિવનું સાતત્ય સધાય છે. ભક્ત અને ભગવાન એક થવા લાગે છે. કશુંજ બચતું નથી, એકાકાર થાય છે.

વિશ્વાસ કે શ્રદ્ધા જાગૃત કરવાં "કશાંક આલંબનની જરૂર છે આ આલંબન કે માધ્યમ તે પેલી મૂર્તિ પૂરાં પાડે છે. પિતા-દાદાને ઓળખવા માટે, ફોટો માધ્યમ બને છે. ફોટોનાં સાવ સ્થૂળ દર્શન દ્વારા દાદા-પ્રદાદાના સ્વભાવ, ચિંતન, અભ્યાસ જેવા સુક્ષ્મ ગુણોની ઓળખ મનદ્વારા થવા લાગે છે. એમના ગુણ-દોષની ઝાંખી આપણામાં પણ થવા લાગે છે. આનુવાંશિકપણું દેખાવા માંડે છે. ફોટો એ સ્થૂળ દર્શન છે માત્ર સ્થૂળની ઓળખજ સુક્ષ્મની ઓળખ કરાવે છે. વિજળીની સ્વિચ ઓળખ્યા પછી, ઘરમાં પ્રકાશ-પૂંજ પાથરતાં બ્લબ, ટ્યુબની ઓળખ પણ સરળ થાય છે. કોડિયાની



ઓળખજ દીવાની ઓળખ છે.

સગુણ-નિર્ગુણવાદ પણ આખરે ઈશ્વરવાદ જ છે ને? સૌની ઝંખના તો આખરે ઈશ્વરને ઓળખવા-જાણવા અને કૃતાર્થ થવા માટેની જ છે ને? કોઈ સંત, યોગી, મહાત્મા સંન્યાસી, સાધુ કે ગુરુ આ માર્ગને નિર્વિઘ્ન બનાવી શકે છે. સાધકને સરળ માર્ગ બતાવી ઈશ્વરાભિમુખ કરી શકે છે.

મૂર્તિપૂજા સામાન્યજન માટે આવશ્યક તત્ત્વ છે. અગાસીમાં જવા માટે દાદરનાં પગથિયાં જરૂરી છે. અગાસીની અખિલાઈને ઓળખવા માટે પગથિયાની ઓળખ અનિવાર્ય છે. મૂર્તિ પૂજા એ પ્રથમ તબક્કાની ભક્તિ છે. તે દ્વારા પ્રેમ લક્ષણા ભક્તિ પ્રગટ થાય છે આખરે નિરાકાર-પ્રકાશપૂંજ કે પ્રકાશવર્તુળમાં જીવ પ્રવેશ પામે છે.

મૂર્તિપૂજા માનવ સહજ ક્રિયા છે જે અધ્યાત્મના સુક્ષ્મ ક્રિયાહીન તત્ત્વ સુધી પહોંચાડે છે.

જેને એકલા જવું છે તે આજે જ સફરનો આરંભ કરી શકે છે; જેને સંગાથ જોઈએ છે તેણે પેલો તૈયાર થાય ત્યાં લગી વાટ જોવી રહે.

*

તમને જેને માટે સન્માન હોય તેમના તમારા માટેના માનનું મુલ્ય ટોળાની તાળીઓના કરતાં વધારે છે.

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનાં વિવિધ વિષયો પરનાં

## * પ્રવચનોની કેસેટો *

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનાં વિવિધ વિષયો પરનાં પ્રવચનોની કેસેટો હવે ઉપલબ્ધ છે. પ. પૂ. શ્રી યોગેશ્વરજીને તેઓના સુમધુર કંઠે સાંભળવા એ પણ એક લ્હાવો છે. તેઓએ ધર્મનાં ગૂઢાતિગૂઢ રહસ્યોને સુંદર, સરળ પ્રવાહી શૈલીમાં પોતાના પ્રવચનોમાં રજુ કર્યાં છે.

જે વિષયો ઉપરનાં પ્રવચનોની કેસેટો ઉપલબ્ધ છે, તેની સૂચિ નીચે પ્રમાણે છેઃ-

| | | | | | |
|---|---|---|---|---|---|
| કર્મયોગ | ૧૫ | કેસેટો | દુર્ગા સપ્તશતી | ૪ | કેસેટો |
| પુરુષોત્તમ યોગ | ૧૧ | ,, | અમરજીવન | ૨ | ,, |
| ભક્તિયોગ | ૧૨ | ,, | યોગદર્શન | ૫ | ,, |
| આત્મસંયમ યોગ | ૧૯ | ,, | રામાયણ-મુંબઈ | ૯ | ,, |
| નવધા ભક્તિ | ૫ | ,, | (માધવબાગનાં અંતિમ પ્રવચનો) | | |

૧. એક ટેપ કરેલ કેસેટના રૂા. ૨૦ છે.

૨. પરદેશની કેસેટો ખરીદી ટેપ કરવા મોકલી શકાશે.

આ માટેનો પત્રવ્યવહાર નીચે પ્રમાણે કરવોઃ-

શ્રી જીતુભાઈ ગાંધી
૫૫/૧, અરૂણોદય સોસાયટી
અલકાપુરી, વડોદરા-૩૯૦ ૦૦૫

## * સદ્દભાવભરી ભેટ *

અધ્યાત્મના વાંચકો ને સાધકો પ્રસંગોપાત્ત યાદ કરી, માસિકને ભેટ મોકલતા રહે છે. છેલ્લે મળેલી સદ્દભાવભરી ભેટની વિગતો નીચે પ્રમાણે છેઃ—

રૂા.
૫૧ બેબી સ્નેહલના બીજા જન્મદિન નિમિત્તે
શ્રી પ્રભુદાસભાઇ હળવદિયા, મોરબી.
૫૧ શ્રી કુંવરબેન પ્રભુભાઇ ભક્ત, અમેરિકા.
૨૫ શ્રી રંજનબેન નટવરલાલ ઠાકર તરફથી જન્મદિન નિમિત્તે.
૧૧ જાની નરોત્તમ દેવશંકર, બ્રહ્મપુરી.
૧૧ માતાજી નર્મદાબાઈ હરજીવનદાસ જાની, બ્રહ્મપુરી.
૫ શ્રી જગન્નાથ રેવાશંકર જાની.
૧૧ શ્રી નીલાબેન ભોજાણી, મોરબી.
૧૧ શ્રી દીપકકુમાર ભોજાણી, મોરબી.
૨૫ શ્રી ઈન્દ્રવદન મો. શાહ, વડોદરા.
૧૧ શ્રી મિત્રેશ ગિરીશકુમાર અગ્નિહોત્રી.
૫૧ શ્રી જે. વી. શાહ, મુંબઇ.
૨૧ શ્રી પ્રકાશચંદ્ર મગનલાલ જાની, માંદગીમાંથી સાજા થતાં.
૨૧ શ્રી ધરા રાજેન્દ્ર જાની, રાજકોટ જન્મદિન નિમિત્તે.
૨૧ શ્રી નેહલ રાજેન્દ્ર જાની, રાજકોટ જન્મદિન નિમિત્તે.

ADHYATM Regd–No. GBV 113

# * ઈશ્વરીયપ્રેમ *

ઈશ્વરનો પ્રેમ જાગે પછી દુઃખ સંકટ કંઇ રહેતા નથી. ગોપીઓ ને મીરાંની જેમ મન તેમાં મસ્ત થઈ જાય છે, ને શાંત બને છે. હૃદયને પ્રેમથી ખૂબ રંગી દેવું જોઇએ. ઈશ્વર તે પછી ખૂદ આપણો બધો ભાર, આપણી બધી ચિંતા, ઉપાડી લે છે, ને આપણને સદાયે સુખ આપે છે. ઈશ્વરના રસ પાસે મોત પણ તુચ્છ છે. સંસારની બધી વસ્તુઓ ફીકી લાગે છે. આવો પ્રેમ થઇ જાય એટલે કામ બની જાય છે. જીવન ધન્ય થઇ જાય છે. અનેક જન્મનાં પાપોને લીધે માણસ આ સમજી શકતો નથી, ને સંસારમાં ટીચાય છે, કૂટાય છે ને અથડાય છે. છેવટે ખાલી હાથે અહીંથી એક દિવસ વિદાય થાય છે. પણ ઈશ્વરપ્રેમી તો ઈશ્વરની પ્રાપ્તિ આજ જગતમાં અરે ! આજ જીવનમાં કરી લે છે, ને ઈશ્વર સાથે આનંદ કરે છે. એવી ભક્તિ જેનામાં જાગી જાય, તે પોતે તો ધન્ય બની જાય છે, સાથે સાથે બીજા અનેકોને પણ ધન્યતાનો અનુભવ કરાવે છે.

પ્રભુ એવા ભક્તોને પોતાનો મહિમા વધારવા ને કેટલાક પ્રભુકૃપાની ઝંખના કરતા આ સૃષ્ટિના જીવોને પથપ્રદર્શન ને પ્રેરણા ધરવા, કાળક્રમે મોકલતા રહે છે. એથીજ ગમે તેવા વિપરીત કાળમાં પણ પ્રભુના ભક્તોનો કદી આત્યંતિક દુકાળ સંભવતો નથી. એ પૃથ્વીના કો'ક ને કો'ક ખૂણે તો અસ્તિત્વ ધરાવતા હોયજ છે. પછી ભલે લોકો એમને જાણે અથવા ન જાણે.

યોગેશ્વરજી

મુદ્રક : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડ બજાર, ભાવનગર.
પ્રસિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧